જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ ।ગુરુવાર । તા. ૨૧-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વડાપ્રધાને બ્લોગ લખી કોંગ્રેસ પર નિશાન સાધ્યું

વંશના રક્ષણ માટે કોંગ્રેસ કોઈ પણ હદ સુધી જઈ શકે છે : મોદી

સેનાને હંમેશા કોંગ્રેસે કમાણીનુ સાધન ગણ્યુ છે,દેશે એક પરિવારની લાલસાની ભારે કિંમત ચૂકવી,કોઈ સરકાર ફેમિલી ફર્સ્ટને બદલે ઈન્ડિયા ફર્સ્ટની ભાવના સાથે ચાલે છે તો તે તેના કામમાં પણ દેખાય છે



ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણીઓ લડાઇ આ વખતે ફક્ત રેલીમાં જ નહીં પરંતુ ડિજિટલ પ્લેટફોર્મ પર પણ પક્ષ-વિપક્ષ આમને સામને છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સવારે એક બ્લોગ લખી કોંગ્રેસ પર નિશાન સાધ્યુ છે. તેમણે વંશવાદ-લોકશાહી-સંસદ સહિતના ઘણાં મુદ્દાઓને પર કોંગ્રસને ઘેરી છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે તેમના કાર્યકાળ દરમિયાન એવા ઘણા કાર્યો થયા જે કોંગ્રેસ સરકાર દરમિયાન નથી થયા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યું કે ઈમરજન્સી લાગુ કરી કોંગ્રેસે સાબિત કર્યું હતું કે એક વંશના રક્ષણ માટે તેઓ કેટલી હદ સુધી પહોંચી શકે છે. ૨૦૧૪માં દેશવાસીઓ આ હકીકત જાણી ખૂબ જ દુ:ખી હતા કે આપણો ભારત દેશ આખરે ફેજાઈલ પાંચ દેશોમાં કેમ છે. સકારાત્મક સમાચારની જગ્યાએ માત્ર ભ્રષ્ટાચાર જેવા સમાચાર, એક-બીજાના દુરૂપયોગના સમાચાર અને ભાઈ-ભત્રીજાવાદ જેવા સમાચાર હેડલાઈન્સ બનતા હતા.

ત્યારબાદ સામાન્ય ચૂંટણીઓમાં દેશના લોકોએ ભ્રષ્ટાચારમાં ડૂબી ગયેલી સરકારથી મુક્તિ મેળવવા અને વધુ સારા ભવિષ્ય માટે મતદાન કર્યું હતું, વર્ષ ૨૦૧૪નો જનાદેશ ઐતિહાસિક હતો. ભારતના ઇતિહાસમાં પ્રથમ વખત બિન-રાજવંશ પાર્ટીને સંપૂર્ણ બહુમતી મળી હતી.

જ્યારે કોઇ સરકાર 'ફેમિલી ફર્સ્ટ'ની જગ્યાએ 'ઇન્ડિયા ફર્સ્ટ'ની ભાવના સાથે ચાલે છે તો તે તેના કાર્યોમાં પણ દેખાય છે. વડાપ્રધાને આગળ લખ્યું કે આ અમારી સરકારની નીતિઓ અને કાર્યોની જ અસર છે કે છેલ્લા પાંચ વર્ષોમાં ભારત વિશ્વની ટોચની અર્થવ્યવસ્થામાં સામેલ થયું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના બ્લોગમાં સંસદના કામકાજ, પ્રેસની અભિવ્યક્તિ, બંધારણ-કોર્ટ અને સરકારી સંસ્થાઓના મુદ્દા પર કોંગ્રેસને ઘેરી છે. તેમણે કહ્યું કે લોકસભામાં બિન-વંશવાદી સરકાર હતી તેથી જ આ કામ થયું. જ્યારે રાજ્યસભામાં કામ ન થઈ શક્યું કારણ કે ત્યાં હોબાળો થતો રહે છે. વડાપ્રધાને તેમના બ્લોગમાં ઈમરજન્સીનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. પીએમે સેનાનો ઉલ્લેખ કરતાં લખ્યું કે કોંગ્રેસે હંમેશા રક્ષા ક્ષેત્રને કમાણીના એક સ્ત્રોત તરીકે જોયું છે. આ જ કારણ છે કે આપણા સશસ્ત્ર બળોને કયારેય કોંગ્રેસ પાસેથી એ સમ્માન ના મળ્યું, જેના તેઓ હકદાર હતા. અહીં તેમણે જીપ, તોપ, સબમરીન, હેલિકોપ્ટર સંબંધિત રક્ષા ગોટાળોનો ઉલ્લેખ કર્યો. પુલવામા હુમલા બાદ એર સ્ટ્રાઇક પર ઉઠાવેલા પ્રશ્નોનો ઉલ્લેખ કરી પીએમે લખ્યું જ્યારે અમારી વાયુસેનાના જાંબાઝ આતંકીઓ પર હુમલો કરે છે તો કોંગ્રેસ તેના દાવા પર પ્રશ્ન ઉઠાવે છે.

નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા મૈં ભી ચોકીદાર કેમ્પેને સોશિયલ મીડિયામાં પણ ખૂબ ધૂમ મચાવી છે. તાજેતરના દિવસોમાં ટ્વિટર રિપોર્ટ મુજબ આ અભિયાને સોશિયલ મીડિયા પર ચોકીદાર ચોર હૈ કેમ્પેઇનને પછાડી દીધું છે.

રાજીનામું આપેલા નેતાઓ એનપીપી પાર્ટી સાથે જોડાયા

અરુણાચલમાં ભાજપને ફટકો: બે મંત્રીઓ અને ૧૨ ધારાસભ્યો સહિત ૧૫ નેતાઓના રાજીનામાં

ઇટાનગર

લોકસભા ચૂંટણીની બરાબર પહેલા પૂર્વોત્તરમાં ભાજપને મોટો ફટકો પડ્યો છે. અરુણાચલ પ્રદેશમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટીના બે મંત્રીઓ અને ૧૨ ધારાસભ્યો સહિત કુલ ૧૫ નેતાઓએ મંગળવારના રોજ એક જ સાથે પાર્ટીમાંથી રાજીનામાં આપ્યા છે. રાજીનામું આપેલા તમામ ૧૫ નેતા મંગળવારે એક જ સાથે નેશનલ પીપલ્સ પાર્ટી (NPP) સાથે જોડાવવાની જાહેરાત કરી ચૂક્યા છે.

જાણવા મળ્યું છે કે, વિધાનસભા ચૂંટણીમાં ભાજપ દ્વારા પાર્ટીના રાજ્ય મહાસચિવ જારપુમ ગામલિન, ગૃહમંત્રી કુમાર વાઈ, પ્રવાસ મંત્રી જારકર ગામલિન અને કેટલાક ધારાસભ્યોને ટિકિટ આપવામાં આવી ન હતી જેના કારણે એક જ સાથે ૧૫ નેતાઓએ ભાજપ સાથે છેડો ફાડી દીધો. રાજ્યમાં ૬૦ વિધાનસભા સીટોમાંથી ૫૪ સીટો માટેના ઉમેદવારની પસંદગી ભાજપના સંસદીય બોર્ડે રવિવારના રોજ કરી હતી. રાજ્યમાં ૧૧ એપ્રિલના રોજ લોકસભાની સાથે સાથે વિધાનસભા ચૂંટણી થનારી છે.

સોમવારના રોજ જારપુમ ગામલિને ભાજપના અરુણાચલ એકમના અધ્યક્ષ તાપિર ગાઓને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. તે સોમવાર સવારથી જ ગુવાહાટીમાં છે, જયાં મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમાએ તેમની સાથે મુલાકાત કરી હતી. એનપીપીના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે, 'જારપુમ, જારકર, કુમાર વાઈ અને ભાજપના ૧૨ ધારાસભ્યોએ એનપીપી મહાસચિવ થામસ સંગમા સાથે મુલાકાત કર્યા બાદ એનપીપીમાં જોડાવવાનો નિર્ણય કર્યો હતો.'

ગત સોમવારે જ લંડનની કોર્ટે નિરવ મોદી વિરુદ્ધ ધરપકડ વોરંટ ઈશ્યૂ કર્યું હતુ

પીએનબી કૌભાંડ: લંડનમાં ભાગેડુ નિરવ મોદીની ધરપકડ

ધરપકડ બાદ ભારત સરકાર બ્રિટન સમક્ષ પ્રત્યાર્પણનો પ્રસ્તાવ રજૂ કરશે,ઈડી-સીબીઆઈની ટીમ લંડન રવાના થાય તેવી શક્યતા



લંડન

પંજાબ નેશનલ બેંકમાંથી ૧૩૦૦૦ કરોડ રૂપિયાથી વધુના ગોટાળાના મુખ્ય આરોપી નીરવ મોદીની લંડનમાં ધરપકડ કરી લેવાઇ છે. આ પહેલાં ગત સોમવારે જ લંડન સ્થિત વેસ્ટમિન્સસ્ટર કોર્ટે બે અરબ ડોલરના પીએનબી કૌભાંડના મુખ્ય આરોપી નીરવ મોદી વિરૂદ્ધ ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું. મની લોન્ડરિંગના એક કેસમાં નીરવ મોદીને લાવવા માટે ઈડીના અનુરોધના જવાબમાં તેના વિરૂદ્ધ ધરપકડ વોરંટ ઈશ્યૂ કરવામાં આવ્યું હતું.

નીરવ મોદીની ધરપકડ પછી ભારત સરકાર બ્રિટન સમક્ષ પ્રત્યાર્પણનો પ્રસ્તાવ રજૂ કરશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે હવે ભારતથી સીબીઆઈ અને ઈડીની એક ટીમ લંડન માટે રવાના થશે. આ દરમિયાન નીરવ મોદી કેસ મામલે CBI અને EDની ટીમ સતત યુકે ઓથોરિટી અને લંડનમાં હાજર ભારતીય હાઈ કમિશનના સંપર્કમાં રહેશે.

આપને જણાવી દઇએ કે ભાગેડુ બિઝનેસમેન વિજય માલ્યાને પણ લંડનમાં વર્ષ ૨૦૧૭મા ધરપકડ કરાઇ હતી. જો કે થોડીક જ વારમાં તેમને જામીન પણ મળી ગયા હતા. આની પહેલાં આ વર્ષે એપ્રિલમાં પણ માલ્યાની લંડનમાં ધરપકડ કરાઇ હતી અને એ વખતે પણ થોડાંક જ કલાકોમાં જામીન મળી ગયા હતા. મની લોન્ડ્રિંગના એક કેસમાં નીરવ મોદીના પ્રત્યર્પિત કરવાના ઈડીના અનુરોધના જવાબમાં તેની વિરૂદ્ધ ધરપકડ વોરંટ ઈશ્યૂ કરાયું છે.

શાસ્ત્રીની મૂર્તિ પર પ્રિયંકા ગાંધીએ માળા ચઢાવી, ભાજપે ગંગા જળથી કર્યું શુદ્ધિકરણ

વારાણસીમાં પ્રિયંકા ગાંધી કહ્યું: રાજનીતિનો સાચો હેતુ લોકોની સેવા છે

વારાણસી

પ્રિયંકા ગાંધી કોંગ્રેસમાં મહાસચિવ બન્યા બાદ પહેલી વખત વારાણસીની મુલાકાતે છે. પીએમ મોદીના સંસદીય મતક્ષેત્ર વારાણસીમાં પ્રિયંકા ગાંધીએ લલકાર કર્યો. તેમણે અસ્સી ઘાટ પહોંચીને કહ્યું કે પીએમ મોદી પર પ્રહાર કરીને કહ્યું કે ભાજપના નેતા અહંકારી છે. તમણે એમ પણ કહ્યું કે રાજનીતિનો સાચો હેતુ લોકોની સેવા છે. નવજવાનો પાસે રોજગાર નથી. પ્રયાગરાજથી વારાણસી સુધી બોટ યાત્રા દરમિયાન ત્રણ દિવસમાં તેઓ કિનારા વિસ્તારોમાં ગ્રામજનો અને માછીમારો સાથે મુલાકાત કરીને તેમની સમસ્યાઓ જાણી હતી. બાદમાં વારાણસીના અસ્સી ઘાટ પરથી પ્રિયંકાએ જાહેરાત કરીને કોંગ્રેસ સત્તા પર આવશે તો માછીમારો માટે અલગ મંત્રાલય બનાવાશે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ માછીમારો માટે અલાયદું મંત્રાલય બનાવવાની વાત કરી છે.

લાલબહાદુર શાસ્ત્રીની પ્રતિમા પર પુષ્પાંજલી અર્પિત કરી - પ્રિયંકા ગાંધી વાડ્રાએ વારાણસીમાં રામનગરમાં શાસ્ત્રી ચોક પર પૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની પ્રતિમા પર પુષ્પાંજલી કરી. પ્રિયંકા ગાંધીના આ કાર્યક્રમ દરમિયાન ભાજપના કેટલાક કાર્યકરોએ મોદી-મોદીના નારા લગાવતાં બે જૂથ વચ્ચે હંગામો થયો. કોંગ્રેસે તેનો વિરોધ કર્યો અને બંને જૂથ વચ્ચે મારામારી થઈ.





હળવદ પત્રકાર સંઘ દ્વારા મામલતદારને આપ્યું આવેદનપત્ર : મૌન પાળી આપી શ્રધ્ધાંજલી

પત્રકારની હત્યાની ન્યાયિક તપાસ ન થાય તો તમામ કાર્યક્રમનો બહિષ્કાર કરાશે



હળવદમાં પત્રકારો તેમજ પ્રિન્ટ મીડિયાએ અમદાવાદના પત્રકારની હત્યાના ઘટના બની તે વખોડી કાઢી તેને લઈ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું પ્રિન્ટ મિડીયા તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયા સાથે સંકળાયેલા પત્રકારો, કેમેરામેન અને ફોટોગ્રાફરોએ તેમજ મીડિયાના મામલતદાર કચેરી ખાતે બે મિનિટનું મૌન પાડીને શ્રદ્ધાંજલિ આપી હતી સાથે તમામ સરકારી કાર્યક્રમનો બહિષ્કારની ચિમકી ઉચ્ચારી હતી.

હળવદ પત્રકાર સંઘ દ્વારા આજે હળવદ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપ્યું હતું જેમાં તાજેતરમાં અમદાવાદમાં ખાનગી ટીવી ચેનલના પત્રકાર ઉપર ફરજ બજાવતી વેળાએ હત્યા થવા પામી હતી આથી પત્રકાર ઉપર થયેલ હુમલો અને મોતની ઘટનાને હળવદ પત્રકારો તેમજ પ્રિન્ટ મીડિયાએ વખોડી કાઢી હતી તેમજ ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ના થાય અને હત્યા કેસમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી લઈને ન્યાયીક તપાસની માંગ ઉઠાવી હતી.આજે હળવદ મામલતદાર કચેરી ખાતે હળવદ પત્રકાર સંઘ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી જણાવ્યું હતું કે

ખાનગી ટીવી ચેનલના પત્રકારની હત્યા મામલે યોગ્ય તપાસ કરવામાં નહી આવે તો હળવદના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો દ્વારા કાર્યક્રમ બહિષ્કારની ચીમકી આપવામાં આવી છે

રાણપુરના દેવળીયા ગામેથી ૬ ઈસમો જુગાર રમતા ઝડપાયા

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના દેવળીયા ગામે જુગાર રમતા ઈસમો ઉપર રેડ કરતા ૬ જુગારીઓને રોકડા ૫૧૧૦ સાથે રાણપુર પોલીસે ઝડપી પાડ્યા છે

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહીતી મુજબ રાણપુરના દેવળીયા ગામે પરામાં જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા રાણપુર પોલીસ દ્વારા દેવળીયા ગામે રેડ કરતા ૬ ઈસમો જુગાર રમતા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા જેમાં વિનોદભાઈ જીવાભાઈ શિયાળીયા,મુકેશભાઈ સાગર ભાઈ કોલાદરા, રમેશભાઈ દેવજીભાઈ તલસાણીયા,જવેરભાઈ નરશી ભાઈ જેજરીયા ,ચંદુભાઈ ભાવુભાઈ તલસાણીયા,પ્રવીણસિંહ દલુભા પરમાર તમામ રહે દેવળીયા આ ઈસમોને રોકડા ૫૧૧૦ રૂપિયા સાથે ઝડપી જુગારધારા હેઠળ ગુન્હો દાખલ કરી આગળની વધુ તપાસ એ.એસ.આઈ-સી.એન.રાઠોડ કરી રહ્યા છે

લીંબડી માં પત્રકારો તેમજ પ્રિન્ટ મીડિયા એ અમદાવાદના પત્રકારની હત્યાના ઘટના બની તે વખોડી કાઢી તેને લઈ લીંબડી ડેપિયુટી કલેક્ટર ને આવેદનપત્ર પાઠવ્યું



પ્રિન્ટ મિડીયા તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયા સાથે સંકળાયેલા પત્રકારો, કેમેરામેન અને ફોટોગ્રાફરોએ તેમજ મીડિયાના પ્રતિનિધિઓએ કલેકટર કચેરી ખાતે બે મિનિટનું મૌન પાડી ને શ્રદ્ધાંજલિ આપી

આ મામલે લીંબડી તાલુકા અધિક કલેક્ટરને લીંબડી પત્રકાર ગ્રુપ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું

તાજેતરમાં અમદાવાદ માં ખાનગી ટીવી ચેનલના પત્રકાર ઉપર ફરજ બજાવતી વેળાએ હત્યા થવા પામી હતી આથી પત્રકાર ઉપર થયેલ હુમલો અને મોતની ઘટનાને લીંબડી ના પત્રકારો તેમજ પ્રિન્ટ મીડિયા એ વખોડી કાઢી હતી તેમજ ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ના થાય અને હત્યા કેસમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી લઈને ન્યાયીક તપાસની માંગ ઉઠાવી હતી

તેમ છતાં આ મામલે યોગ્ય તપાસ કરવામાં નહી આવે તો લીંબડી ના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારો દ્વારા કાર્યક્રમ બહિષ્કારની ચીમકી આપવામાં આવી છે

મતદાન પૂર્વે ૪૮ કલાક વખતે એસએમએસ મોકલવા નહીં

સુરત

ભારતીય ચુંટણી પંચ દ્વારા આગામી સમયમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૯ને ધ્યાને લેતા સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનરશ્રી પી. એલ.ચૌધરી(વિશેષ શાખા)એ એક જાહેરનામા દ્વારા કોઈ પણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચુંટણી એજન્ટ કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યકિતએ મતદાન દિવસ તા.૨૩/૪/૨૦૧૯ના રોજ મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલાથી મતદાન પુર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના તમામ એસ.એમ.એસ. મોકલવા પર પ્રસિધ્ધ ફરમાવ્યો છે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે. અપવાદ તરીકે મતદારોને પ્રોત્સાહિત કરતા, ભારતના ચુંટણી આયોગના સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવતા એસ.એમ.એસ.ને લાગુ પડશે નહી.

કામરેજમાં દુકાન તોડી ૧૮ મોબાઈલની ચોરી

સુરત

કામરેજ તાલુકાના પરબ ગામની ઓમ ટેક્સ્ટાઈલમાં આવેલી એક મોબાઈલ ફોનની દુકાનનું શટર તોડી અંદર પ્રવેશ કરી તસ્કરોએ વિવિધ કંપનીમાં ૧૮ મોબાઈલ ફોન, લેપટોપ તથા સાત સ્પ્રેની બોટલો મળી કુલ ૧.૫૦ લાખની મતાની ચોરી કરી ફરાર થી ગયા હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાનના નાગોર જિલ્લાના વતની અને હાલમાં ઉભેળ ગામની શિવ શ્રદ્ધા ટાઉનશીપ ખાતે રહેતા સુરેશકુમાર તેતરવાલની એક મોબાઈલની દુકાન પરબ ગામ ખાતે આવેલી છે. આશાપુરા એન્ડ નોવેલ્ટી નામની આ દુકાનનું શટર તોડી અંદર પ્રવેશી ઓપો કંપનીના પાંચ વિવો કંપનીના ત્રણ, મુબી સ્ટાર કંપનીના સાત તથા સેમસંગ કંપનીના ત્રણ મોબાઈલ ફોન મળી કુલ ૧૮ મોબાઈલ ફોન, લેપટોપ તથા સાત સ્પ્રેની બોટલો મળી કુલ ૧.૫૦ લાખની મતાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. વેપારીએ કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોટા વરાછા ખાતે રાત્રિ સમયે ઘરમાં ઘૂસી સગીર છોકરી પર બળાત્કાર

કિશોરીના ઘર સામે સલુનમાં નોકરી કરતા યુવકે આચરેલુ દુષ્કૃત્ય

સુરત

સગીર વયની યુવતીને પ્રેમજાળમાં ફસાવી બદનામ કરવાની ધમકી આપી ચાર વખત બળાત્કાર ગુજાર્યાની ઘટના અમરોલી પોલીસ મથકે નોંધાઈ હતી.

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડીંડોલીમાં રહેતો અમીત આહિરે નામનો યુવક મોટા વરાછા ખાતે સલુનમાં નોકરી કરતો હતો. દુકાનની સામેની સોસાયટીમાં રહેતી ૧૬ વર્ષીય યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. આ બનાવની ફરિયાદીની ભત્રીજી થાય છે. ફરિયાદી મુંબઈ કામ અર્થે ગયા હતા, ત્યારે આરોપી અમિત આહિરે રાત્રિના સમયે ઘરમાં ઘુસી ફરિયાદીની ભત્રીજીને બુમ મારશે તો તને અને તારા ભાઈને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી બળજબરીથી અવાર નવાર ચાર વખત બળાત્કાર ગુજાર્યો હતો અને આ બાબતે કોઈને કહેશે તો સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. અમરોલી પોલીસે પોસ્કો એક્ટ અન્વયે ગુનો નોંધી પો.ઈ. ડી.એસ. કોરાટે તપાસ હાથ ધરી છે.

હળવદ ધાગ્રાધાં ૬૪ વિધાનસભાના પુર્વે

ધારાસભ્ય પરસોત્તમ સાબરીયા સાથે મતદારે ઠાલવ્યો આકોશ ઓડીયોકલીપ વાયરલ



સમગ્ર પંથકમાં ખળભળાટ રાજકીય ગરમાવો : હવે કયા મોઢે મત માંગશો? કોંગ્રેસ માંથી ભાજપ માં આવેલા એમએલેએને એક મતદાર નો સણસણતો પ્રશ્ન : ઉંઝામા આશા નહી, ધ્રાંગધ્રામા પરસોતમ નહી

ભાજપની તોડબાજીમા પ્રજાનો સોદો કરનારાઓ સામે મતદારોમો આકોશ. હવે આવો વોટ લેવા તમારી હાલત શું થાય છે એ જોઇ લેજો.

જનતાને ઉલ્લુ બનાવનાર પરસોતમ સાબરિયા સાથે એક મતદારે કરેલી વાતચીત સાંભળી તમે ચોંકી જશો. ઓડીયો કલીપ વાયરલ થતા રાજકીય ખળભળાટ મચી જવા પામી છે . પરસોતમ ભાઈ સાબરીયા તમે આ ૨૦૧૯ ની ચૂંટણી ઓ માં કોઈ સોદો કે તોડ ના કર્યો હોય તો તમારે ટર્મ પુરી થાય ત્યાં સુધી તમારી પાર્ટી માં જ રહેવું જોયી એ પાંચ વર્ષ પુરા થાય પછી તમારે ભાજપ માં જવું હોય તો કોણ રોકતું હતું તમને તમે ધ્રાંગધ્રા હળવદ વિધાન સભા ની ઓબીસી એસટી એસસી અને પાટીદાર સમાજ ના મતદારો નો સોદો કર્યો છે પ્રજા ને રમાડી છે જો તમે કોઈ સોદો પાર પાડ્યો ન હોય તો તમે આ તમને વિજયી બનાવનાર પ્રજા ને રમાડી છે ધ્રાંગધ્રા હળવદ મત વિસ્તારો ના મતદારો ને એક સવાલ મૂંઝવી રહ્યો છે હવે તમે ક્યાં મોંઢે ભાજપ ના મત માંગવા જશો?? ધ્રાંગધ્રા હળવદ વિધાનસભા માં રાજકીય પંડિતો માં ચર્ચા નો વિષય બન્યો છે

પ્રજાદ્રોહી - પેરાશુટોને ભગાવો- લોકશાહીને બચાવો !! તેવુ લોકો માં ચર્ચાય રહયુ છે.

કચ્છ કડવા પાટીદાર સમાજ દ્વારા

હૈદરાબાદ ખાતે ગૌસેવાના લાભાર્થે લોકડાયરો યોજાયોઃ ખ્યાતનામ કલાકારો ઉપસ્થિત







હૈદરાબાદ

હૈદરાબાદમાં સમગ્ર ગુજરાતની અછત પરિસ્થિતિને પહોંચી વળવા માટે દેશ-વિદેશમાં વસ્તા લોકો પોતપોતાના વિસ્તારોમાં ખ્યાતનામ કલાકારોની ઉપસ્થિતિમાં સંતવાણીના કાર્યક્રમો થતા જ હોય છે ત્યારે આવા કાર્યક્રમોમાં થતી ઘોરની રકમ પોતાના વતનમાં ગૌ-સેવા તથા ઘાસચારા માટે ઉપયોગ કરતા હોય છે.આવી પરિસ્થિતિને નજર સમક્ષ રાખી કડવા પાટીદાર પટેલ સમાજે હૈદરાબાદ ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન કર્યુ હતું.

જેમના સંગીતના રસીકો લાખોમાં નહી પરંતુ કરોડોમાં છે.એવા ગુજરાતનું ઘરેણું ગીતાબેન રબારી ,નિલેશભાઈ ગઢવી,અશોક બારોટ તથા હાસ્ય કલાકાર હકકાભા ગઢવીએ પોત પોતાની ક્ષૈલીમાં સંતવાણી તેમજ હાસ્યની રમઝટ બોલાવી હતી.

દરેક લોકો દુનિયાના કોઈ પણ છેડામાં હોય પરંતુ પોતાના વતનનો સાદ પડે એટલે તમામ વેરવરામણા ભુલી એક જુથથી કાર્યમાં લાગી જાય છે.તેની આબેહૂબ મિસાલ આ હૈદરાબાદનો લોક ડાયરમાં જોવા મળ્યો હતો.

કચ્છ કડવા પાટીદાર સમાજ હૈદરાબાદ દ્વારા ગૌ-સેવાના લાભાર્થે યોજવામાં આવ્યો હતો. લોક ડાયરમાં હજારોની સંખ્યામાં ગુજરાતીઓ સાંજથી કાર્યક્રમના સ્થળે લોકોની ભીડ ઉમટી હતી.દેશભકિતના મ્યુઝિક સાથે જવાનો સાથે આ કલાકારોએ એન્ટ્રી કરી હતી.

અબોલા જીવો માટે જીવદયાના કાર્યમાં ઉપસ્થિત લોકોએ કલાકારોના ગીતો તેમજ ભજનો પર લાખો રુપિયાની ઘોર થઈ હતી

કલાકારો જેવા કે કિર્તીદાન ગઢવી,નિલેશ ગઢવી,જીગ્નેશ કવિરાજ,દેવરાજ ગઢવી તેજ રીતે ગીતાબેન રબારી,કિંજલ દવે,અલ્પાબેન પટેલ,રાજલ બારોટ વગેરે આ બધા એવા કલાકારો છે કે જે પોતાની ગાયકીથી સંગીતમય વાતાવરણનું સર્જન કરીને રમઝટ બોલાવે છે તેની સાથે જોઈને જ ઘોર કરવા તૈયાર થઈ જતા હોય છે.આ કાર્યક્રમમાં ગૌ-સેવા માટે ૩૦ લાખથી વધુ ઘોર થઈ હતી.

સમાજના અબોલા જીવોની વ્હારે આવી કલાકારો પોત પોતાની સ્વેચ્છાએ પોતાનું યોગદાન આપતા હોય છે અને લોક કલ્યાણના અર્થે સહયોગ પણ આપતા હોય છે.એટલે જ કદાચ કુદરતે આવા કલાકારોને મધુરકંઠની બક્ષિસ આપી છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ત્રણે પાંખોના ભાઈઓ તથા બહેનોએ જહેમત ઉઠાવી હતી.

લોકસભા ચૂંટણીમાં જાહેર સ્થળોએ પોસ્ટર કે કટઆઉટ લગાડવા નહીં

બોર્ડ કે બેનર મુકવા માટે જગ્યાના માલિકની મંજૂરી લેવી પડશે

સૂરત

ભારતીય ચુંટણી પંચ દ્વારા આગામી સમયમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચુંટણીઓને ધ્યાને લેતા સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનરશ્રી પી. એલ.ચૌધરી(વિશેષ શાખા)એ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામાં અનુસાર સુરત પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ અથવા લોકસભાની ચુંટણીના ઉમેદવાર દ્વારા અથવા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિત દ્વારા રાજ્ય સરકાર, મહાનગર પાલિકા, નગરપાલિકાઓ અથવા બોર્ડ, નિગમો, પંચાયતોના રસ્તાઓ, માર્ગો, મકાનો અથવા તેઓના હસ્તકની જગ્યાઓ ઉપર સમાચાર, બોર્ડ અથવા જાહેર નોટીસ ન હોય એવા કોઈ પણ પ્રકારના કટ આઉટ જાહેરાત પાટીયા, પોસ્ટર, ધજા, પતાકા, બેનર્સ મુકી શકશે નહીં. સાથે આ દિવાલો ઉપર ચિત્રો દોરાવી શકશે નહીં કે કમાનો દરવાજા વિગેરે ઉભા કરી શકશે નહી.

કોઈપણ રાજકીય પક્ષ અથવા ઉમેદવાર દ્વારા આવા ઉમેદવાર માટે કોઈ મંડળ, સંગઠન અથવા વ્યકિતઓ દ્વારા કોઈ પણ ખાનગી મિલકત ઉપર રાજકીય નેતાઓના કટઆઉટ, જાહેરાતના પાટિયા, બેનર્સ વગેરે તે જગ્યાના માલિકની પૂર્વ મંજુરી વગર મુકી શકાશે નહી. આ જાહેરનામું તા.૧૨/૦૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સાથે શિક્ષાને પાત્ર થશે.

ઘરમાં કેવી રીતે બનાવશો ઑર્ગેનિક અને નેચરલ રંગો?

સેલિબ્રેશન તન, મન અને જીવનને નવપલ્લવિત કરવા માટે અનિવાર્ય છે. એટલે ઉજવણી તો થતી જ રહેવી જોઈએ. એમાંય રંગોનો તહેવાર તો તમારા આખા અસ્તિત્વને રંગીન બનાવવાની તક છે. એની તરફ દુર્લક્ષ્ય કેમ સેવાય? જોકે પર્યાવરણને બચાવવા અને હોળીના રંગોમાં વપરાતા કેમિકલથી જાતને બચાવવા હવે ઘણા લોકો ધૂળેટીની ઉજવણીથી અંતર રાખવાનું પસંદ કરી રહ્યા છે. વાત સાચી છે કે રંગોનો તહેવાર ક્યાંક આપણા જીવનને બેરંગ ન કરે એની દરકાર રાખવી જ જોઈએ. આ વિષય પર લગભગ દર વર્ષે ચર્ચા થાય છે છતાં એ રંગો માર્કેટમાં ધોકલે કુટાય છે. અલબત્ત, છેલ્લાં થોડાંક વર્ષોમાં કેમિકલયુક્ત સિન્થેટિક રંગો નથી વાપરવા એવું માનનારો વર્ગ મોટો થઈ રહ્યો છે. જોકે કોઈનું કંઈ જ બગાડ્યા વિનાયે ઈચ્છા હોય તો ઉજવણી થઈ જ શકે છે. આવી રહેલી જાગૃતિ આ વચ્ચે ધુળેટીમાં વપરાતા રંગો ઈકોફ્રેન્ડલી વાપરવાની દિશામાં ઘણા લોકો સક્રિય પણ થયા છે. જોકે ઑર્ગેનિકને નામે માર્કેટમાં વેચાઈ રહેલા રંગો ખિસ્સાને પરવડે એવા નથી. બીજી બાજુ ઑર્ગેનિકને નામે જે રંગો આપણા હાથમાં પકડાવાઈ રહ્યા છે એ ખરેખર કેટલા ઓર્ગેનિક છે એની ખાતરી નથી. આ બધાનું એક સૉલ્યુશન છે હોમ-મેડ કલર્સ. તમારા ઘરમાં જ રહેલી વસ્તુમાંથી પણ તમે ધારો તો રંગોનું નિર્માણ કરી શકો છો અને ધુળેટીને રંગીન અને સ્વાસ્થયવર્ધક બનાવી શકો છો. ઘરમાં રહેલી હાથવગી સામગ્રીઓથી ધુળેટીના રંગો કેવી રીતે બનાવી શકાય એની રેસિપી વાંચો આગળ.

લાલ

નૅચરોપેથ ડૉ. કલ્પના સંઘવીની દૃષ્ટિએ લાલ જ નહીં, પણ કોઈ પણ સૂકો રંગ બનાવવા માટે તમે બેઝ પાઉડર તરીકે આરા લોટનો ઉપયોગ કરી શકો છો. આ લોટમાં અત્તરનાં ટીપાં, ગુલાબજળનાં થોડાંક ડ્રૉપ્સ ઉમેરીને એને ફેગરન્સ આપી શકાય. આરા લોટને બદલે ચોખાનો લોટ પણ એક સારો ઑપ્શન છે. સાથે જ એને બે-ત્રણ દિવસ સાચવવાની દૃષ્ટીએ બ્રાસનો પાઉડર ઉમેરી શકાય. સૂકો લાલ કલર બનાવવા માટે તમે જાસૂદ, લાલ ગુલાબ જેવાં લાલ રંગનાં ફૂલોને છાંયડામાં સૂકવી એનાં પાંદડાંનો ભૂકો મિક્સ કરી શકો છો. ગુલાબના ફૂલનાં પાંદડાંને તડકામાં અથવા માઈક્રોવેવમાં સૂકવો તો એ કરકરાં થશે અને એનો પાઉડર આસાનીથી બની શકશે. આરા લોટમાં રક્તચંદનનો પાઉડર નાખીને પણ સૂકો લાલ રંગ બનાવી શકશો. ભીનો લાલ રંગ બનાવવા માટે સફેદ ચૂનાના પાણીમાં હળદર નાખવાથી લાલ રંગનું પાણી બની જશે. એ સિવાય ચંદનનો પાઉડર પાણીમાં મિક્સ કરીને પણ લાલ રંગનું પાણી બની શકે છે.

કેસરી

હોળીના વિવિધ રંગોમાં ભગવા રંગનું મહત્વ ઘણું છે. આ રંગ બનાવવા માટે ઑરેન્જ રંગના ગલગોટાનાં ફૂલને છાંયડામાં સૂકવીને અથવા માઈક્રોવેવમાં ડ્રાય કરીને એનો પાઉડર આરા લોટમાં ઉમેરી શકાય. યાદ રહે, અમુક ફૂલોને તડકામાં સૂકવશો તો એ કાળાં પડી જવાની સંભાવના વધુ હોય છે. એવી જ રીતે સંતરાની છાલને સૂકવીને એનો ભુક્કો પણ લોટમાં મિશ્ર કરી શકાય છે. ઑરેન્જ રંગનું પાણી બનાવવા માટે ગલગોટાનાં ફૂલને આખી રાત પલાળીને અથવા એને ઉકાળીને ઑરેન્જ રંગનુ પાણી બનાવી શકાય છે. મેંદીને પલાળીને એમાંથી પાણી કાઢશો તો પણ લાલાશ પડતા ઑરેન્જ રંગનુ પાણી મળી શકે છે. એ સિવાય જો બજેટ સારું હોય તો આખી રાત સારી ગુણવત્તાનું કેસર ભીજવી રાખો તો પણ ઑરેન્જ કલરનું પાણી મળી રહેશે.

લીલો

ગ્રીન કલરની પોતાની ખૂબીઓ છે જ. મનને શાંત કરીને પ્રકૃતિનો અહેસાસ કરાવતા આ રંગને બનાવવા માટે લીલી મેંદીના પાઉડરને આરા લોટ સાથે મિક્સ કરીને એ કલર બનાવી શકો છો. યાદ રહે, અહીં મેંદી અને લોટની ક્વૉન્ટિટી સરખી રાખવી. લીલા રંગનું પાણી બનાવવા માટે લગભગ દરેક લીલી ભાજી ઉપયોગી બની શકે છે. કડવા લીમડાનાં પાનને પાણીમાં ઉકાળીને એની પેસ્ટ બનાવીને એને ગાળી લો તેમ જ સુગંધ માટે એમાં થોડાંક અત્તરનાં ટીપાં અથવા નીલગિરિનું તેલ પણ ઉમેરી દો તો એ હેલ્થની દૃષ્ટિએ પણ ઉપયોગી સાબિત થશે. પાલકની ભાજી પણ એના માટે બેસ્ટ ઑપ્શન સાબિત થઈ શકે છે.



પીળો

પીળો રંગ બનાવવા માટે ચણાનો લોટ અને હળદર બેસ્ટ ઑપ્શન છે. બે ભાગ હળદર અને ચાર ભાગ ચણાનો લોટ ઉમેરીને સીધી અને સરળ રીતે પીળો રંગ બનાવી શકાય છે. પીળા રંગનાં ગલગોટાનાં ફૂલને પાણીમાં ઉકાળી લો અથવા બીજા કોઈ પણ પીળા રંગનાં ફૂલને ઉકાળશો તો લિક્વિડ પીળો રંગ તૈયાર થઈ જશે. બસ્સો ગ્રામ આરારુટનો લોટ લઈ એમાં સો ગ્રામ હળદર, ૫૦ ગ્રામ ગલગોટાનાં ફૂલનો પાઉડર, વીસ ગ્રામ સંતરાની છાલનો પાઉડર અને દસેક ડ્રૉપ્સ લેમનગ્રાસ અથવા ચંદનના તેલનાં ટીપાં (અથવા પાઉડર પણ ચાલે) ઉમેરી એક બાઉલમાં બધું જ બરાબર મિક્સ કરી દો એટલે ઑરેન્જ ગુલાબી રંગનો એકદમ નિદોર્ષ કલર તૈયાર છે.

ભૂરો

ભૂરા રંગના ગુલમહોરનાં ફૂલ આ જ સીઝનમાં ઊગતા હોય છે. આ ફૂલને છાંયડામાં સૂકવી નાખો અને એનો ઝીણો પાઉડર મિક્સરમાં બનાવી દો તો તમારો ભૂરો રંગ તૈયાર છે. લિક્વિડ ભૂરા રંગને બનાવવા માટે આ જ ફૂલને પાણીમાં ઉકાળી નાખો. એવી જ રીતે ભૂરા રંગનાં અન્ય કોઈ પણ ફૂલ તમારી આજુબાજુ ઊગતાં દેખાય તો એની પેસ્ટ બનાવીને સૂકવી નાખશો તો તમારા માટે સરળતાથી ભૂરો રંગ તૈયાર થઈ જશે.

ગુલાબી અને જાંબુડી

અંદરથી સહેજ રાણી અને જાંબુડી રંગના બીટના નાના-નાના ટુકડા કરીને એને સૂકવી નાખવા અને એને મિક્સરિંગ કરીને એનો પાઉડર બનાવી લેવો અને એમાં થોડો બેઝ પાવડર તરીકે આરા લોટ ઉમેરી દો એટલે સૂકો રંગ તૈયાર છે. એને શેડ આપવા માટે લોટની માત્રા વધારી કે ઘટાડી શકો છો. લિક્વિડ રંગ માટે પાણીમાં ઉકાળી અથવા કુકરમાં સીટી મારીને બફાઈ ગયા પછી એની પેસ્ટ બનાવી ગાળી લેવી. એવી જ રીતે જાંબુડી તથા ગુલાબી રંગનાં ફૂલનો ઉપયોગ પણ કરી શકાય છે.

કથ્થઈ

મેંદી અને આમળાનો પાઉડર મિક્સ કરીને બ્રાઉન કલર બનાવી શકાય છે. એ સિવાય જીરાનો પાઉડર પણ ઉપયોગમાં લઈ શકાય છે. આ જ મિક્સરને પાણીમાં પલાળીને ગાળી લો તો લિક્વિડ કલર તૈયાર થઈ જશે.

કૃત્રિમ રંગોથી શું નુકસાન થઈ શકે છે

આર્ટિફિશ્યલ રંગોનો ઉપયોગ કરવાથી આપણી આંખ, સ્કિન, વાળ, કાન અને ફેફસાને નુકસાન થઈ શકે છે. ડર્મેટોલૉજિસ્ટ ડૉ. દિવ્યા શર્માના કહેવા મુજબ બજારમાં વપરાતા સિન્થેટિક રંગોમાં લીડ ઑક્સાઇડ, ક્રોમિયમ આયોડિન, ઍલ્યુમિનિયમ બ્રોમાઇડ, મરક્યુરી સલ્ફાઇટ, કૉપર સલ્ફેટ જેવા કેમિકલનો ઉપયોગ થાય છે. આ બધાં કેમિકલ આંખ, કાન, સ્કિન ઉપરાંત શરીરના ઇન્ટરનલ ઑર્ગનને પણ નુકસાન કરે છે. ચામડી પર પર ચાંઠાં પડવાં, ખંજવાળ આવવી, શ્વાસની તકલીફ પણ થઈ શકે છે. આટલું વાંચ્યા પછી હવે તમે તો કેમિકલવાળા સિન્થેટિક રંગો નહીં જ વાપરો એ ભરોસો છે, પરંતુ બીજા કોઈએ તમારી જાણબહાર તમને આવો રંગ લગાવી જાય તો પછી શું કરવું?

કેમિકલયુક્ત રંગ કાઢવા માટે કેરોસીન વગેરેનો ઉપયોગ ટાળવો. હોળી રમવા બહાર જાઓ એ પહેલાં જ આખા શરીરમાં સરખા પ્રમાણમાં તલના તેલથી માલિશ કરીને જ બહાર નીકળવું.

સૌથી પહેલાં હૂંફાળા પાણીથી મોઢું ધોઈને ઉપરછલ્લો રંગ કાઢવાનો અને પછી ચણાના લોટમાં રાઈનું તેલ અને દહીં ઉમેરીને તૈયાર ઉબટનથી ધીમે ધીમે મસાજ કરીને વધારાનો રંગ કાઢવાના પ્રયત્ન કરવા. હોળીના રંગોને કાઢવા માટે સાબુ અથવા હાર્શ શૅમ્પૂનો ડાયરેક્ટ ઉપયોગ ટાળવો.

આટલું ધ્યાન રાખજો

ડ્રાય કલરના બેઝ માટે તમે આરાલોટ અથવા ચોખાના લોટનો ઉપયોગ કરી શકો છો.

લોટની વાસ ન આવે એ માટે જુદા જુદા પ્રકારનાં ઍસેન્શિયલ ઑઇલ અથવા રોઝ વૉટરનો ઉપયોગ કરી શકો છો.

બે દિવસ એને સંઘરવાનો હોય તો એમાં બ્રાસનો પાઉડર ઉમેરી શકાય છે.

આ રંગોને વધુ દિવસ સાચવી ન શકાય એટલે તાજા બનાવીને જ એને વાપરી કાઢવા.

જે સૂકા રંગ બનાવતા હો એમાં એ રંગનાં ફૂલોની પાંખડીનો ઉપયોગ કરી શકો છો. છાંયડામાં સૂકવેલી ફૂલની પાંખડીઓ પોતાનો ઓરિજિનલ રંગ જાળવી રાખે છે.

ખાવામાં વપરાતા રંગોને પણ તમે હોળીના રંગો તરીકે ઉપયોગમાં લઈ શકો છો. જોકે એમાં પણ કેમિકલ તો છે જ. બેશક, ખાઈ શકાય એવા કેમિકલ હોવાથી બહાર મળતા હોળીના રંગ કરતા ઓછું નુકસાન કરશે.

આ પણ વાંચો : આ હોળી-ધુળેટીમાં કરીએ ખાઈ-પીને જલસા

ધુળેટીનું શાસ્ત્રીય મહત્વ

આપણા મોટા ભાગના તહેવારોની પાછળ વિજ્ઞાન છે એની તમને ખબર છે. ધુળેટી શું કામ મનાવાય છે એ વિશે નૅચરોપેથ કલ્પના સંઘવી કહે છે, 'ફાગણ મહિનો એ ઋતુનો સંધિકાળ છે. શિયાળો પૂરો થાય અને ઉનાળાની શરૂઆત થાય. ઉનાળા માટે શરીરને તૈયાર કરવા માટે ધુળેટીમાં પાણી અને કેસૂડાનો ઉપયોગ થતો. કેસૂડાનાં પાન પણ ફાગણ મહિનામાં સોળે કળાએ ખીલતાં હોય છે. કેસૂડો, ચંદન અને કેસરના ઉપયોગથી ઉનાળા માટે સ્કિનને તૈયાર કરવાની પ્રથા ધુળેટી દ્વારા ઊજવવાની શરૂ થઈ, જે ત્વચાને તેજસ્વી બનાવવાનું કામ કરતા હતા. હકીકતમાં પહેલાં ધુળેટીથી ત્વચાનું રક્ષણ થતું હતું. જોકે આજે એ જ ધુળેટીમાં વપરાતા રંગોને ત્વચાને નુકસાન પહોંચાડવાનું કામ કરી બેસે છે.'

આ હોળી-ધુળેટીમાં કરીએ ખાઈ-પીને જલસા

હોળી-ધુળેટીના પર્વનું નામ પડે એટલે ગુલાલ, પિચકારી અને બૉલીવુડ સૉન્ગની ધમાલ સાથે કૂલ કૂલ ઠંડાઈ યાદ આવે. ઠંડાઈનું નામ પડતાં જ પેટમાં ઠંડક થઈ હોય એવું લાગે છે ને? ચહેરા અને શરીર પર ગમે એટલો રંગ ચોપડ્યો હોય, પણ કાજુ-બદામ, એલચી, કેસર, ખસખસ, તેજ મસાલા અને ભાંગ ઘૂંટીને બનાવેલી પરંપરાગત ઠંડાઈનો નશો ન ભળે ત્યાં સુધી ધુળેટીની મસ્તી જામતી નથી. ઠંડાઈ વગર ધુળેટીની ઉજવણી બેરંગ અને ફિક્કી લાગે છે. આમ તો આપણે ત્યાં મહાશિવરાત્રિ અને ધુળેટી એમ બન્ને પર્વમાં ઠંડાઈ પીવાનો રિવાજ છે, પરંતુ ધુળેટીમાં એનું મહત્વ જરા વધી જતું હોય છે. આ દિવસે પેટભરીને ઠંડાઈ પીવાય છે અને બીજાને પીવડાવવામાં પણ આવે છે.

શીત ઋતુની વિદાય અને ગ્રીષ્મના આગમનની બરાબર વચ્ચે આવતા આ તહેવાર દરમ્યાન બહારનું હવામાન સૂકું હોય છે. આ ઋતુમાં શરીરમાં એક પ્રકારની સુસ્તી અનુભવાય છે. ઠંડાઈ તમારી આ સુસ્તીને સ્ફૂર્તિમાં ફેરવી નાખે છે. તેથી જ ધુળેટીમાં ઠંડાઈ પીવાનું અદકેરું મહત્વ છે. એમાં કઈ કઈ સામગ્રી પડે છે અને એની માત્રા કેટલી હોવી જોઈએ એની અધકચરી જાણકારી અથવા તો ઠંડાઈ બનાવવા માટે કરવી પડતી ખૂબ બધી લમણાઝીંકના કારણે હવે આપણે બજારમાં મળતાં પૅકેટ્સને દૂધમાં ભેળવી ઠંડાઈ બનાવી સંતોષ માની લઈએ છીએ, પરંતુ અસલી મજા તો ઘરમાં બનાવેલી ઠંડાઈમાં જ આવે. ચાલો ત્યારે રંગ અને મસ્તીના મૂડમાં ઓતપ્રોત થવાની સાથે વૈવિધ્યસભર અને સ્વાસ્થ્યવર્ધક આ ઠંડા પીણા વિશે પણ થોડી માહિતી મેળવી લઈએ.

ઠંડાઈની રીત

ધુળેટીનો મૂડ છે એટલે સૌથી પહેલાં તો ઠંડાઈની રેસિપીને સમજી લો એમ જણાવતાં કુકિંગ એક્સપર્ટ કૃપા સંપટ કહે છે, 'ઠંડાઈ બનાવવાની આમ તો એક જ રીત છે. એમાં વરિયાળી, એલચી, ખસખસ, મગજતરીનાં બિયાં, કેસર, બદામ, પિસ્તાં, કાજુ, રોઝ પેટલ્સ, મરી એમ બધું જ નાખવામાં આવે છે. લોકોની પસંદગી અને સ્વાદાનુસાર સામગ્રીની માત્રામાં થોડી વધ-ઘટ થાય. આ બધી જ વસ્તુને એકસાથે પલાળી બે-ત્રણ કલાક રાખી મૂકો. ત્યાર બાદ એમાં સાકર ઉમેરી ગ્રાઇન્ડ કરી લો. આ પેસ્ટને થોડા દિવસ ફ્રીઝરમાં પણ રાખી શકાય છે. જરૂર મુજબ ઠંડા દૂધમાં ભેળવી પીવું. ઘણી મહિલાઓ શું કરે છે, ગ્રાઇન્ડ કર્યા બાદ એને ગાળી લે છે. આ રીત ખોટી છે. આ બધાં ઇન્ગ્રીડિઅન્ટ્સ ન્યુટ્રિશન્સથી ભરપૂર છે. જો ગાળી નાખો તો પોષક તત્વો નષ્ટ થઈ જાય.'

ભાંગ કેટલી?

કૂલિંગ ફિલ આપતા આ પીણામાં ધુળેટીના દિવસે ભાંગ નાખવાનો રિવાજ છે. એ વિશે કૃપા કહે છે, 'ભાંગ એ વનસ્પતિ છે અને એમાં નશો છે. ભાંગ ઉમેરવી જ હોય તો અડધા લિટર દૂધમાં બે રાઈના દાણા જેટલી ઉમેરવી. ભાંગની આટલી માત્રાથી નશો થતો નથી. ભાંગવાળી ઠંડાઈ પીવાથી ઊંઘ વધુ આવે છે, પણ કોઈ આડઅસર થતી નથી. એ જ રીતે ખસખસની માત્રા પણ ઓછી રાખવી. એનો સ્વાદ બધાને ભાવતો નથી. ઉપરાંત એનાથી પણ ઉંઘ આવે છે.



ધુળેટીમાં ભાંગ વગરની ઠંડાઈના ત્રણ-ચાર ગ્લાસ ગટગટાવી જાઓ તો પણ વાંધો નથી. ઠંડાઈ સ્વાસ્થ્યવર્ધક પીણું છે. એને ધુળેટી પૂરતું મર્યાદિત ન રાખતાં આખા ઉનાળા દરમ્યાન પીવાનું રાખો. ઠંડાઈ તમારા બૉડીને હિટ સ્ટ્રોકથી બચાવે છે તેમ જ ઍન્ટિઑક્સિડન્ટનું કામ કરે છે.'

વિવિધ બનાવટો

ઠંડાઈ માત્ર પીવાની વસ્તુ નથી રહી, હવે એને ખાઈ પણ શકાય છે એમ જણાવતાં કૃપા કહે છે, 'આ વર્ષે ઠંડાઈ સ્વાદના વિવિધ પ્રકારના બેકરી સ્નેક્સ અને ડેઝર્ટ માર્કેટમાં આવી ગયા છે. આજે બધાને વેરિયેશન જોઈએ છે તેથી આ ઇન્ડસ્ટ્રી અપગ્રેડ થતી રહે છે. રૉયલ ઠંડાઈ નાનખટાઈ, ઠંડાઈ મુસ વિથ કાલા જાંબુ, ઠંડાઈ આઇસક્રીમ, ઠંડાઈ કેકની ખૂબ ડિમાન્ડ છે. ગ્રુપમાં અને સોસાયટીમાં ધુળેટીની ઉજવણી કરવાની હોય ત્યારે દરેક ઉંમરના લોકોની ચૉઇસ અને સ્વાદનું ધ્યાન રાખવું પડે. ઠંડાઈનો પરંપરાગત સ્વાદ જળવાઈ રહે અને નવું ખાવાનો આનંદ મળે એવા હેતુથી અમે આવી ડિશ ઇન્ટ્રોડ્યુસ કરી છે. એની અંદર પણ ઘણું વેરિયેશન ઍડ કરી શકાય. ઠંડાઈ કેકમાં રોઝ ફ્લેવર અથવા ગુલકંદ નાખી એને ટેસ્ટી બનાવી શકાય. કેસરનો સ્વાદ જોઈએ તો એની માત્રા વધુ નાખવાની અને ડિશને વધુ રિચ બનાવવી હોય તો ડ્રાયફ્રૂટ્સ વધારે ઍડ કરવાનાં. લોકોની પસંદગી પ્રમાણે સ્વાદમાં વૈવિધ્ય લાવી શકાય.'

ભારતીય તહેવારોમાં ધાર્મિક માન્યતાઓ જેટલું જ મહત્વ ફૂડનું છે. ધુળેટીમાં ઠંડાઈ ઉપરાંત બીજાં પણ કેટલાંક ખાસ વ્યંજનો છે, જેના વગર આ તહેવાર બેસ્વાદ લાગે છે. ઉત્તર પ્રદેશમાં હોળી એટલે વાનગીઓની ભરમાર. આ દિવસે ગુજિયા અને કચોરી બનાવવામાં આવે છે. ગુજિયા આપણી પરંપરાગત ગુજરાતી વાનગી ઘૂઘરા જેવા જ હોય છે. રવો, માવો, ડ્રાયફ્રૂટ્સ અને ખાંડ ભેળવી બનાવવામાં આવેલા ગુજિયાને ઘીમાં તળીને પીરસવામાં આવે છે. આ સ્વીટ ડિશ છે. એ જ રીતે મગની દાળને પાણીમાં પલાળી, વાટીને કચોરી બનાવવામાં આવે છે. તીખાશ માટે એમાં કાળાં મરી, તજ, ગરમ મસાલો અને ધાણા નાખવામાં આવે છે. ઉત્તર પ્રદેશની ધુળેટીમાં મીઠાઈ અને ફરસાણનું સુપર કૉમ્બિનેશન જોવા મળે છે. નૉર્થ ઇન્ડિયામાં મુગલાઈ સ્ટાઇલના માલપૂઆ પણ પૉપ્યુલર છે. કેટલીક જગ્યાએ ઘઉંનો લોટ, દૂધ, સાકર, માવો અને ડ્રાયફ્રૂટ્સ મિક્સ કરી બનાવેલા માલપૂઆ ખાવાનો રિવાજ છે. બિહાર અને ઝારખંડમાં પણ ધુળેટીના દિવસે ખાસ પ્રકારની વાનગી બને છે. ધુસ્કા તરીકે ઓળખાતી આ વાનગી ચોખાના લોટ અને ચણાની દાળમાંથી બનાવવામાં આવે છે. આલુ ટિક્કી જેવા દેખાતા સહેજ ગળ્યા અને વધુ ચટપટા ધુસ્કા સાથે લીલી ચટણી સર્વ કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં ચણાની દાળમાંથી બનાવેલી પૂરણપોળી ધુળેટીમાં ફેમસ ડિશ છે તો અડદ અને મગની દાળને વાટીને બનાવવામાં આવેલાં દહીંવડાં લગભગ બધા જ પ્રાંતમાં ખવાય છે.

ધાણી અને ખજૂરની વિશેષતા

થોડા દાયકા પહેલાં સુધી ગુજરાતમાં હોળીનો તહેવાર પોંગલ અને બૈસાખીની જેમ હાર્વેસ્ટ ફેસ્ટિવલ તરીકે જ ઊજવાતો હતો. ધીમે-ધીમે પરંપરાગત રીતે ઊજવાતી હોળી ભુલાતી ગઈ, પરંતુ ધાણી અને ખજૂરનું મહત્વ આજે પણ ઓછું થયું નથી. આજનું જનરેશન ધાણીને નાની સાઇઝના પૉપકૉર્ન કહે છે. વાસ્તવમાં પૉપકૉર્ન મકાઈમાંથી બને છે, જ્યારે ધાણી એટલે જુવાર. જુવાર ગુજરાતનું મુખ્ય ધાન્ય છે. એને તવા પર ફોડીને ખાવા જોઈએ. અગ્નિમાં શેકાઈ ગયેલા નાળિયેર સ્વાદમાં મીઠા લાગે છે. ઘણી મહિલાઓ આ દિવસે ઉપવાસ કરે છે. ઉપવાસના કારણે શરીરમાં શર્કરાનું પ્રમાણ ઘટી જાય છે. ખજૂર શુગરને રીસ્ટોર કરવાનું કામ કરે છે. સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક બન્ને કારણોસર હોલિકાદહન વખતે ધાણી, ખજૂર અને નાળિયેરનો પ્રસાદ ધરવામાં આવે છે.

તંત્રી સ્થાનેથી...

ઘણુ બધુ કામ બાકી

ભારતમાં અમીર અને ગરીબની વચ્ચે અંતર સતત વધી રહ્યુ છે અને સરકાર આ અસમાનતાને દુર કરવામાં સફળ સાબિત થઈ રહી નથી. સરકાર નક્કર પગલા લેવામાં નિષ્ફળ છે. બિન સરકારી સંગઠન ઓક્સફેમ અને ડેવલપમેન્ટ ફાયનાન્સ ઈન્ટરનેશનલ દ્વારા આ સંબંધમાં તૈયાર વૈશ્વિક ઈન્ડેક્સ ભારત સરકારની નીતિઓ અને હાલની વિકાસની પ્રક્રિયાને પ્રશ્નોના ઘેરામાં મુકે છે. આ ઈન્ડેક્સમાં સામાજિક ખર્ચ કરવેરા માળખા અને શ્રમિકોના અધિકાર સાથે સંબંધિત નીતિના આધાર પર ૧૫૭ દેશોની રેન્કિંગ તૈયાર કરવામાં આવી છે. જેમાં ડેનમાર્ક સૌથી ઓછી વિષમતાની સાથે યાદીમાં ટોપ પર છે. જ્યારે ભારત આ યાદીમાં ૧૪૭માં ક્રમાંક પર આવે છે. એટલે કે સૌથી નીચેના સ્તર પર ભારત છે. હાલમાં આ રેન્કિંગ જારી કરવામાં આવ્યા બાદ આને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દક્ષિણ કોરિયા, નામિબિયા અને ઉરુગ્વે જેવા દેશો અસમાનતા દુર કરવા માટે નક્કર પગલા લઈ રહ્યા છે. પરંતુ ભારત અને નાઈજિરિયા જેવા દેશો દ્વારા ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે. ઈન્ડેક્સમાં પહમાં સ્થાને રહેલા દક્ષિણ કોરિયાના પ્રયાસોને રિપોર્ટમાં ખાસ મહત્વ આપવામાં આવ્યુ છે. જેમાં છેલ્લા કેટલાક વર્ષોમાં સામાજિક વિકાસના કેટલાક કાર્યક્રમ ચલાવવામાં આવ્યા હતા. શ્રમિકોના અધિકારની ખાતરી કરવામાં આવી હતી. પ્રમુખ મુન જે ઈન દ્વારા નાટકીય રીતે લઘુતમ મજુરી ૧૬.૪ ટકા વધારી દીધી હતી. મુને મોટી કંપનીઓ અને સુપર રિચ વર્ગ પર ભારે ટેક્સ લાગુ કરી દીધા હતા. સાથે સાથે આ રીતે મળનાર પૈસાનો ઉપયોગ નબળા વર્ગના લોકોના વિકાસ પર કર્યો છે. ભારતમાં ઉદારીકરણના કારણે વિકાસમાં ગતિ તો આવી છે પરંતુ આનો લાભ એ જ વર્ગના લોકોને મળી રહ્યો છે જે પહેલાથી જ સમૃદ્ધ હતા. સૌથી મોટી બાબત એ છે કે નવી અર્થવ્યવસ્થામાં સરકારની ભૂમિકા મર્યાદિત થઈ ગઈ છે. જેથી રાજનીતિનુ ધ્યાન પણ ગરીબોની તરફેણમાં નિતી બનાવવાની દિશામાં ગયુ નથી. આના બદલે તેમને ભ્રમિત કરવાની દિશામાં ગયુ છે. મનરેગા જેવી કેટલીક ગરીબ સમર્થક નીતિઓ બની છે. પરંતુ આ યોજનાનો ઉપયોગ પણ કમજોર વર્ગને ઉત્પાદન પ્રક્રિયાના હિસ્સા તરીકે ગણવાના બદલે તેમને જીવિત રાખવા પર કેન્દ્રિત રહ્યુ છે. અર્થ એ છે કે ગરીબોની દશા કેટલીક હદ સુધી સુધરી તો છે પરંતુ કોઈ મોટા ફેરફાર થયા નથી. આ ફેરફાર એવા સમય પર શક્ય હતા જ્યારે ગરીબોને મુખ્ય ધારામાં લાવવા માટે તક મળે. જો કે ખાનગીકરણના કારણે શિક્ષણ એટલુ મોંઘુ બની ગયુ છે કે ગરીબ લોકો આ સ્તર સુધી પહોંચી શકે તેમ નથી. સરકારનો રસ પોતાના શિક્ષણ તંત્રને મજબુત બનાવવા મામલે બિલકુલ નથી. કમજોર વર્ગના બાળકો કોઈ રીતે સ્કુલ પહોંચી જાય તો પણ ગરીબીના ચક્રમાંથી બહાર નિકળી જવામાં શિક્ષણની કોઈ ભૂમિકા સાબિત થઈ રહી નથી. આર્થિક અસમાનતાના કારણે આજે જુદી જુદી જગ્યાએ આક્રોશ જોવા મળે છે.

અમીર ગરીબ વચ્ચે અંતર સતત વધી રહ્યુ છે : સરકાર અંતરને દુર કરવામાં નિષ્ફળ

ઘુળેટી : ગુસ્સાને એક દિવસ માટે દરિયાંમાં ફેંકી દેવાની જરૂર છે....

બાળપણવાળી હોળી મસ્તીથી ૨મો

દેશના મહત્વકાંક્ષી મંગળયાન મિશનને ચાર વર્ષ પૂર્ણ થઈ ચુક્યા છે. ધરતીથી સમાનતા અને નજીક હોવાના કારણે મંગળ હમેંશ કોઈ પણ અન્ય ગ્રહની સરખામણીમાં વધારે ઉત્સુકતા જગાવે છે. મંગળ પર જીવનની ઉપસ્થિતી અંગે વર્ષોથી શોધખોળ ચાલી રહી છે. આને લઈને વૈજ્ઞાનિકો દિન રાત એક કરી રહ્યા છે. આ દ્રષ્ટિથી મંગળ ગ્રહ પર માનવ મિશન સાથે જોડાયેલા પડકારો પર મુલ્યાંકન કરવામાં આવે તો કેટલીક નવી વિગત સપાટી પર આવે છે. મંગળ જ એક એવા ગ્રહ તરીકે છે જે ધરતી પર ક્યારેય માનવ જીવનને ખતરો થવાની સ્થિતીમાં આ પ્રજાતિને બચાવવા માટે વૈજ્ઞાનિકોની હદમાં છે. જેથી આ ગ્રહની ઉત્પતિના રહસ્યોને જાણવા અને ત્યાં માનવ વસ્તી વસાવવની સંભાવના અથવા તો ત્યાં માનવ જીવન શક્ય છે કે કેમ તેને લઈને સતત શોધ વિશ્વના વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. માનવ મિશન એક મહત્વકાંક્ષી યોજના તરીકે છે. આની સાથે જોડાયેલા પડકારોને પહોંચી વળવાની બાબતમાં ઓછામાં ઓછા ૨૦થી ૨૫ વર્ષ તો ચોક્કસપણે લાગી જશે. જ્યારે આંતરરાષ્ટ્રીય સહકાર અને એક સારી યોજનાના હેતુસર ભારત ઓછા ખર્ચ અને પહેલા જ પ્રયાસમાં મંગળયાન મિશનમાં સફળ થયા બાદ આશા વધી ગઈ છે. મંગળયાનમાં પ્રથમ જ વખતમાં સફળ રહ્યા બાદ હવે મંગળ પર માનવ મિશનને લઈને પણ આશાવાદી રહેવાની જરૂર છે. લાંબા સમયના માનવ અંતરિક્ષ અભિયાન અલગ અલગ પ્રકારના પડકારો રજૂ કરે છે. રોબોટ મિશનની વિપરિત માનવીને ભોજન, સુરક્ષા અને મનોરંજન પણ



મિત્રો સાથે નારાજગીને ભુલી જઈને ભવ્ય રંગમાં ડુબી જવાની જરૂર છે : મેળજોળના રંગ દરેક રંગ કરતા વધારે પાકા અને ઘેરા હોય છે

જોઈએ છે. જે રોબોટ કરતા અલગ બાબત છે. સૌથી ઉપયોગી બાબત એ છે કે તેમને સુરક્ષિત જમીન પર પરત લાવવા માટે પણ પડકારો હોય છે. મંગળ યાત્રા પર જનાર અંતરિક્ષ યાત્રીઓને જે માપદંડનો સામનો કરવો પડે છે તે ખુબ મુશ્કેલ હોય છે. તે એક ચિંતાનો પણ વિષય છે. જે સ્તર પર વિકિરણ અથવા તો રેડિએશનનો સામનો કરવો પડે છે તે પણ ચિંતાજનક બાબત છે. અંતરિક્ષની પૂર્વની યાત્રાઓ અને મંગળ પર માનવ મિશનમાં સૌથી અંતરની બાબત એ રહેશે કે તેમાં ચાલક દળ એવી સ્થિતીમાં રહેશે જેમાં જ્યાં જરૂર પડે ત્યાં સંપર્ક સ્થાપિત કરી શકાશે નહી. જમીન પર અમારી કોશિકાને નુકસાન પહોંચાડનાર કોસ્મિક કિરણોથી વાતાવરણનુ સ્તર બચાવે છે પરંતુ મંગળ પર કોઈ પણ સફળ માનવ મિશન એક અંતરિક્ષ યાત્રીની જીવનની અંતિમ અંતરિક્ષ યાત્રા રહેશે. કારણ કે તે પોતાની લાઈફમાં વિકિરણ સહન કરવા માટેની તમામ હકને આ યાત્રા દરમિયાન જ પાર કરી જશે. આના માટે એવા સુક્ષ્મ ઉપાય કરવા પડશે કે કોઈ તકલીફ ન પડે, જે રીતે પરમાણુ એકમોના જતન માટે અને તેના ખતરાને ટાળવા માટે ઉપાય કરવામાં આવે છે તેવા જ ઉપાય આના માટે પણ કરવાના રહેશે. વિકિરણના જુદા જુદા સ્તર પર જૈવિક ખતરાને લઈને હાલમાં અનિશ્ચિતા છે. સાથે સાથે આ બાબત પણ નક્કી નથી કે ઘેરા અંતરિક્ષમાં વિકિરણને લઈને કેટલા પ્રમાણમાં ખતરો લઈ શકાય છે. સૌથી ખતરનાક સૌર પ્રોટોન વિકિરણ છે. સુર્યમાંથી નિકળનાર તે અતિ ઉર્જાવાન રજકણ હોય છે. જ્યારે સૌર ગતિવિધીઓ વધે છે ત્યારે સૌર કરોનામાંથી આ રજકણોનો વરસાદ થાય છે. મંગળ મિશનના ગાળા દરમિયાન તેમનો સામનો કરવાનો હોય છે. વિકિરણ પ્રભાવને સમજવા માટે ઉપલબ્ધ મોટા ભાગના આંરડા એક્સ રે અને ગામા રે કિરણ સુધી મર્યાદત રહ્યા છે. ભારે કાચના વિકિરણના એક નિયંત્રિત પ્રમાણના કેટલી અસર થાય છે તે અંગે કોઈ માહિતી નથી. એક બાબત તો પહેલાથી જ તમામ નિષ્ણાંતો સારી રીતે જાણે છે કે લાંબી અવધ સુધી ભારહિનતાની સ્થિતી માનવ શરીરમાં ખુબ ફેરફાર કરે છે. શરીર કમજોર અને નબળા થઈ જાય છે. સૌથી ગંભીર પરિવર્તન હાર્ટ અને લોહીની રક્તવાહિનીમાં થાય છે. માંસપેશી નબળી પડી જાય છથે. હાડકામાં કેલ્શિયમ ઘટી જાય છે. રોગ પ્રતિકારણ ક્ષમતા ઘટી જાય છે. તેનો સામનો કરવાના ઉપાય ચોક્કસપણે છે.

મંગળયાન મિશનને લઈને મોટી સફળતા બાદ આશા જાગી...

હવે માનવ મિશનને લઈને પડકારો

હોળીના તહેવાર આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. હોળી આવતાની સાથે જ તન અને મન બંને રંગીન બની જાય છે. હોળીના પ્રસંગે રંગોનુ ખાસ મહત્વ રહેલુ છે. આ ઉપરાંત આ તહેવાર પર ખાવા પિવાથી લઈને મોજ મસ્તીની ખુબ તૈયારી કરવામાં આવે છે. જેથી કહી શકાય છે કે રંગો વગર અને ખાવાની ચીજ વસ્તુઓની મસ્તી વગર હોળીની કલ્પના કરવી મુશ્કેલ છે. બીજી બાજુ સૌથી મોટો પ્રશ્ન એ થાય છે કે સ્વસ્થ અને સુરક્ષિત હોળી કઈ રીતે ઉજવવામાં આવે. કારણ કે આધુનિક સમયમાં અનેક પ્રકારના કેમિકલના ખતરનાક રંગ હોય છે. જે નુકસાન કરી શકે છે. હોળીના રંગમાં ભંગ ન પડે તે માટે આના માટે પણ નિષ્ણાંતો કેટલીક ટિપ્પસ આપે છે. હેલ્થ ટિપ્પસ આપતા જાણકાર નિષ્ણાંતો કહે છે કે બજારમાં જુદા જુદા પ્રકારના રંગ બિરંગી કલર આવી ગયા છે. આવી સ્થિતીમાં સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારના ખતરનાક રંગથી બચવાની જરૂર હોય છે. હોળીમાં માત્ર નેચરલ રંગનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આની સાથે સાથે નેચરલ રંગોથી રમતી વેળા પણ કેટલીક સાવધાની રાખવાની જરૂર હોય છે. હોળી પર રંગ રમતી વેળા જ્યારે રંગ હાથમાં લાગેલા હોય ત્યારે હાથથી આંખને સ્પર્શ કરવામાં ન આવે તે જરૂરી છે. પરંતુ સામાન્ય રીતે આંખ પર રંગ લાગી જાય છે. રંગ આંખમાં જતી રહેવાની સ્થિતીમાં પાણીથી આંખને બરોબર સાફ કરી લેવામા આવે ત જરૂરી છે. આંખન તાજા પાણીથી ધોઈ નાંખવાની જરૂર હોય છે. જ્યાં સુધી સંપૂર્ણ રંગ ઉતરી ન જાય ત્યાં સુધી આંખને ધોઈ કાઢવામાં આવે તે જરૂરી છે. હોળી રમતી વેળા પહેલા શરીર પર ક્રિમ અને તેલ લગાવવાની સ્થિતીમાં ફાયદો રહે છે. સાથે સાથે એવા કપડા પહેરી લેવા જોઈએ જે શરીરને વધુને વધુ કવર કરી લે છે. આ ઉપરાંત રંગોની વાળ પર સીધી અસર થાય છે જેથી વાળની સુરક્ષા રાખવામાં આવે તે પણ જરૂરી છે. હોળીમાં રંગ રમી લીધા બાદ રંગ છોડાવવા માટે કેંમિકલ વાળા સાબુ અને અન્ય પદાર્થોનો ઉપયોગ કરવામા આવે છે જે સ્કીનને વધારે નુકસાન કરી નાંખે છે. જેથી નોર્મલ સાબુનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હોળીમાં મિઠાઈનો ક્રેઝ તો સૌથી વધારે જોવા મળે છે. જેથી બજારમાં મિઠાઈની બોલબાલા વધી જાય છે. બજારમાં ઉપલબ્ધ મિઠાઈમાં પણ કેમિકલનો ખુબ ઉપયોગ કરવામાં આવે છે જેથી આવી સ્થિતીમાં ઘરમાં બનેલી મિઠાઈનો વધારે ઉપયોગ કરવામાં આવે તે જરૂરી હોય છે. આ ઉપરાંત હોળીના દિવસે ભાંગ અને શરાબનુ વેચાણ પણ હવે સમયની સાથે વધવા લાગ્યુ છે. જેથી આવી ચીજવસ્તુઓથી બચવામાં આવે તે જરૂરી છે. કારણ કે આના કારણે બ્લડજ પ્રેશર વધી જવાનો ખતરો રહે છે. હોળી રમતી વેળા મોમાં પણ કલર જવાનો ખતરો રહે છે. જ્યારે પણ મોમાં રંગ જાય ત્યારે પાણીનો પુરતો ઉપયોગ કરીને તેને દુર કરવામાં આવે તે જરૂરી હોય છે. કેટલીક વખત રંગોના તહેવારની ઉજવણી કરતી વેળા રંગ કાનમાં જતો રહે છે. આ બાબતને અમે ગંભીરતાથી લેતા નથી. જો આવુ થાય તો સરસિયાનુ તેલ હળવા પ્રમાણમાં ગરમ કરીને કાનમાં નાંખવાથી ફાયદો થાય છે.



મંગળ અન્ય કોઈ પણ ગ્રહની તુલનામાં વધારે ઉત્સુકતા જગાવે છે : માનવ જીવનની સામે ધરતી પર ખતરો થાય તો મંગળ ઉપયોગી બનશે

મોટી વયમાં પિતા બનવાની બાબત આદર્શ છે...

મોટી વયમાં લગ્નનો ક્રેઝ છે

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે મોટી વયમાં પિતા બનવાની બાબત બાળકો માટે સારી રહે છે. મોડેથી પિતા બનવાની બાબત સાથે બાળકોની લાંબી લાઈફ સાથે સીધો સંબંધ રહેલો છે. અમેરિકી વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે એવા બાળકો જેના પિતા અને દાદાની વય વધારે હોય છે. તે બાળકોની જેનેટિક બનાવટ જુદા પ્રકારની હોય છે. અને તેમની વય વધારે હોઈ શકે છે. અમેરિકી વૈજ્ઞાનિકોનું કહેવું છે કે કોઈ વ્યક્તિના સ્પર્મની જિનેટિક બનાવટ વયની સાથે બદલાય છે અને તેના ડીએનએ કોડ એવા બની જાય છે જેનાથી વય વધે છે. અને આ જિનેટિક કોડ બાળકોને મળે છે. ૧૭૭૮ લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસ બાદ આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આ અભ્યાસના પરિણામ અમેરિકી સંસ્થા નેશનલ એકેડમી ઓફ સાયન્સના જર્નલમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વયના સંબંધ ટેલોમેયર જેવી બાબત સાથે સંબંધિત છે. જે જિનેટિક કોડ અથવા તો ડીએનએ ને રાખનાર ગુણ સુત્રોના ટોંચ ઉપર સ્થિત હોય છે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે ટેલોમેયર નાના હોવાની સ્થિતિમાં વય નાની હોય છે. ટેલોમેયર ક્રોમોઝોમ અથવા તો ગુણ સુત્રોને નુકશાન થવાથી બચાવે છે. મોટાભાગના કોષમાં તેની લંબાઈ વય વધવાની સાથે ઘટી જાય છે. પરંતુ નવા અભ્યાસમાં વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે સ્પર્મમાં ટેલોમેયરની લંબાઈ વયની સાથે વધી જાય છે. પુરુષો પોતાના ડીએનએ સ્પર્મ મારફતે બાળકોને આપે છે. જેથી આગામી પેઢીમાં આ લાંબા સમય ટેલોમેયર પરંપરાગત ગુણને આગળ વધારે છે. આ અભ્યાસના તારણો ખૂબ જ મહત્વપૂર્ણ છે. સામાન્ય રીતે એવી ગણતરી રહે છે કે પિતા બનવામાં મોડુ થવાથી ગર્ભપાતનો ખતરો વધી જાય છે. પરંતુ વૈજ્ઞાનિકો માને છે કે આરોગ્યની દ્રષ્ટિએ આના ફાયદા રહેલા છે.

નકારાત્મક વિચારધારા પર પરદો મુકવામાં આવે તે જરૂરી છે...

નારી પરદા પ્રથા દુષણ છે કે કેમ

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણાગામ ગૌતમ પાર્ક સોસાયટીમાં રહેતાં વેપારી નવીનચંદ્ર શંભુભાઈ ડાયાણીએ આરોપી ચંદનસિંહ દીપસિંહ રાજપૂત શ્રી આશાપુરી ફેન્સી લેન્સ, સીતાનગર સોસાયટી, પુણા, નરવસિંહ દીપસિંહ રાજપુત દુકાન નં.૯, રવિપાર્ક સોસાયટી, અર્થના સ્કૂલ સામે વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપી બંને વેપારીએ ફરિયાદી પાસેથી રૂા.૪,૮૯,૪૬૩ની કિંમતનો માલ ખરીદી પેમેન્ટ ચૂકવવાને બદલે દુકાન બંધ કરી નાસી ગયા હતા. બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

વેપારી દંપતિએ ઉધાર માલ ખરીદી ૨૩ લાખની છેતરપિંડી કરી

દંપતિ પાસે વેપારીએ પેમેન્ટથી ઉઘરાણી કરતા ધમકી આપી

સુરત

નવી દિલ્હીના વતની અને સુરતમાં વેપાર કરતા દંપત્તિએ માલ ખરીદીને બાકી રુપિયા ૨૩.૦૭ લાખની ઉઘરાણી કરતા પીપલોદના વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો બનાવ ખટોદરા પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

ખટોદરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બમરોલી રોડ રોટલીવાળા કમ્પાઉન્ડમાં કારખાનું ધરાવતાં મુકેશ બળવંત રોટલીવાળાએ આરોપી પિરમલ વખારિયા, દેવ્યાની પિરમલ (રહે. સોમનાથ સોસાયટી, પાર્લેપોઈન્ટ) વિરુદ્ધ ફિરયાદ નોંધાવી હતી આરોપી દંપત્તિએ ફિરયાદી વેપારીનો વિશ્વાસ સંપન્ન કરી રુ.૩૨,૬૨,૪૨૦ની કિંમતનો ફીનીશ્ડ કાપડનો જથ્થો ખરીદી કયોર્ હતો. થોડી રકમ ચૂકવી બાકીના રુપિયા ૨૩,૦૭,૩૬૨નું પેમેન્ટની ફરિયાદી વેપારી મુકેશ રોટલીવાળાએ ઉઘરાણી કરતા આરોપીએ હવે પછી રુપિયાની ઉઘરાણી કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખટોદરા પોલીસે વિશ્વાસઘાત-છેતરપીંડીની ફિરયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

લાયસન્સ વગર ધંધો કરનારની દુકાન બંધ

સુરત

ડે.કિમશનર (હેલ્થ અને હોસ્પિટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના હેઠળ તા.૧૮-૦૩-૨૦૧૯ના રોજ ખોડીયાર સેન્ટર ઠે. પ્લોટ નં. ૨૩૨ કૃષ્ણકુંજ સોસાયટી વિભાગ-૩ અને ૪ પાસે, આકાર ક્લબ રોડ, સીમાડા, સુરત ખાતે આવેલ સંસ્થાની તપાસ કરતા સદર સંસ્થા કેળા પકવવાનો ધંધો કરતા માલુમ પડેલ છે. સદર સંસ્થાની તપાસ દરમ્યાન સંસ્થાએ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળનું લાયસન્સ તથા રજીસ્ટ્રેશન મેળવેલ ન હોય, સદર સંસ્થા બંધ કરાવવામાં આવેલ છે.

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

EXCLUSIVE BRANDED BEDSHEETS
સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
શેતરંજી આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોન: ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા — કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલ્લમ બીચ — AC Delux Hotel • AC 2 x 2 Volvo Bus — રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન — દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ — હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, ગોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા — રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન — દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ — પોખરા, બનારસ, મનોકામનાદેવી, સારનાથ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર — AC Bus • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન — દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર — દિલ્હી–અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, ડેલહાઉસી, ખજીયાર, વાઘા બોર્ડર, અમૃતસર — Non AC Bus — રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન — દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકિનાલ, મદુરાઇ, કન્યાકુમારી, પદમનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ–કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબળીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી — AC 2x2 પુશ બેક બસ • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન — દિવસ-૧૨ ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com Prayosha trip

Dr. Hetal's Advanced Dentistree — Since 2000
Dr. Hetal Tamakuwala
B.D.S. (B.J.Medical, Ahmedabad) - 2000
Basic Implantology Course - 2017
Advance Implantology Course - 2018
Now BIGGER & BETTER
DENTAL IMPLANT · CROWN & BRIDGE · ORTHODONTIC TREATMENT
FAMILY CHECK UP FOR ₹500/- + BRUSH 2+2
ROOT CANAL TREATMENT
TOOTH EXTRACTION
PEDIATRIC TREATMENT
ASETHETIC DENTISTRY
VENEERS
LIGHT CURE FILLINGS
222, Marvella Business Hub, Opp. R.T.O. Office, Pal, Surat.
81549 30063 | Time : 9.00 am to 1.00 pm & 4.00 pm to 8.00 pm

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ - નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
• ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
• લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
• ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
• રીચાર્જેબલ હીયરીંગ એઈડ
• જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: યુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

હસ્તમૈથુન કરવાથી પ્રોસ્ટેટની તકલીફમાં ફાયદો થાય છે?

એન્લાજર્ડ પ્રોસ્ટેટની તકલીફ હોય એ તમામ દરદીઓએ વર્ષે એકાદ વાર સોનોગ્રાફી અને PSA એટલે કે પ્રોસ્ટેટ સ્પેસિફિક એન્ટિજનનો રિપોર્ટ કઢાવતા રહેવું



સવાલ : મારી ઉંમર ૭૧ વર્ષ છે અને પ્રોસ્ટેટની સાઇઝ વધી ગઈ છે. પાંચ વર્ષથી દવાઓ ચાલુ છે, પણ ફરક નથી પડ્યો. પત્નીને ગુમાવી ચૂક્યો છું અને એ પછી જાતે જ સંતોષ લઉં છું. વીકમાં એકાદ વાર મન થાય છે અને કરી લઉં છું. રાતના વારંવાર પેશાબ કરવા ઊઠવું પડતું હોવાથી ઊંઘ પૂરી નથી થતી. જે રાતે સૂતાં પહેલાં હસ્તમૈથુન કર્યું હોય એ રાતે મને ઓછી વાર પેશાબ કરવા ઊઠવું પડે છે. બાકી સૂતાં પહેલાં ખૂબ ઓછું પાણી પીધું હોવા છતાં રાતે ત્રણેક વાર તો પેશાબ કરવા ઊઠવું જ પડે છે. સૂવાની ગોળી લઉં તો ઊંઘમાં ઊઠતી વખતે બૅલેન્સની સમસ્યા રહે છે. મારે જાણવું છે કે શું હસ્તમૈથુન કરું એ વખતે યુરિન કરવા ઓછું ઊઠવું પડે છે એનો મતલબ એ તો નહીં કે એનાથી પ્રોસ્ટેટની તકલીફમાં ફાયદો થાય છે?

જવાબ : વીર્યસ્ખલન દરમ્યાન જે વીર્ય બહાર આવે છે એ પ્રવાહીનો કેટલોક ભાગ પ્રોસ્ટેટમાં પેદા થાય છે. એટલે સ્ખલન થયા પછી પ્રોસ્ટેટમાં કન્જેશન ઓછું થયું હોવાનું ફીલ થવું સ્વાભાવિક છે, પરંતુ એનાથી પ્રોસ્ટેટ વધવાની સમસ્યા ઘટી જાય અથવા તો મટી જાય એવી સંભાવના જરાય નથી. અત્યાર સુધીમાં થયેલા અનેક અભ્યાસોમાં પણ આવો કોઈ તાળો બંધબેસતો જોવા મળ્યો નથી. પ્રોસ્ટેટની તકલીફમાં હસ્તમૈથુન કરવાથી કોઈ જ નુકસાન હજી સુધી તો જોવા નથી મળ્યું કે ઈવન બહુ ફાયદો થઈ ગયાનું પણ જોવા નથી મળ્યું.

મતબલ એ કે તમને જ્યારે પણ મન થાય ત્યારે કોઈ ફિકર રાખ્યા વિના તમે હસ્તમૈથુન કરી શકો છો, પણ એનાથી ફાયદો થઈ જશે એવી ભ્રમણા ઊભી કરવી યોગ્ય નથી. એક વાર પ્રોસ્ટેટ ગ્રંથિ વધવાની શરૂ થઈ પછી એને મટાડવાની કોઈ દવા નથી. માટે બને એટલું એન્લાર્જમેન્ટ કાબૂમાં રહે એવી કોશિશ કરવી અને ડૉક્ટરે આપેલી દવાઓ નિયમિત ચાલુ જ રાખવી. આ ઉપરાંત આયુર્વેદમાં પ્રોસ્ટેટોન નામની દવા છે એ દિવસમાં ત્રણ વાર લેવી.

એન્લાર્જર્ડ પ્રોસ્ટેટની તકલીફ હોય એ તમામ દરદીઓએ વર્ષે એકાદ વાર સોનોગ્રાફી અનેજીછ એટલે કે પ્રોસ્ટેટ સ્પેસિફિક એન્ટિજનનો રિપોર્ટ કઢાવતા રહેવું.

સારી ઊંઘ આવે એ માટે સાંજના સમયે ચાલવાનું રાખો અને રાતે સૂતાં પહેલાં ગરમ હૂંફાળા દૂધમાં બે ચમચી ગાયનું ઘી નાખીને પીઓ.

મને હસ્તમૈથુન વખતે દુખાવો થાય છે, કોઈ ઉપાય બતાવો?

હસ્તમૈથુન વખતે જ દુખાવો થાય છે તો શું ટેક્નિકમાં ગરબડ હશે કે પછી ટ્યુમર ઊપસેલી છે એ ગંભીર હશે

સવાલ : મારી ઉંમર ૬૩ વર્ષ છે. પત્નીનો સાથ છૂટી ગયો છે એટલે મૅસ્ટરબેશન દ્વારા જ સંતોષ લઉં છું. જોકે હાલમાં એમાં પણ તકલીફ પડી રહી છે. મને હસ્તમૈથુનનું બહુ મન થાય છે, પરંતુ જ્યારે પણ કરું એ પછીથી વિચિત્ર દુખાવો થાય છે. મેં હાથ ફેરવીને તપાસ કરી તો ઇન્દ્રિયની ડાબી બાજુએ સોપારી જેટલો ભાગ ઊપસી આવ્યો છે. એમ જ એ ભાગ દબાવવાથી પીડા નથી થતી, પરંતુ હસ્તમૈથુન કરું તો એ પછી સારોએવો દુખાવો થાય છે. એને કારણે મન થવા છતાં હમણાં પ્રવૃત્તિ બંધ રાખી છે. મને બ્લડ-પ્રેશરની તકલીફ છે. એ સિવાય બીજી બીમારી નથી કે નથી કોઈ વ્યસન. હસ્તમૈથુન વખતે જ દુખાવો થાય છે તો શું ટેક્નિકમાં ગરબડ હશે કે પછી ટ્યુમર ઊપસેલી છે એ ગંભીર હશે? આ ઉંમરે આ બધી તપાસ કરાવતાં સંકોચ થાય છે.

જવાબ : એક વાત યાદ રાખજો કે શરીરની કોઈ પણ પ્રકારની સમસ્યા હોય ત્યારે ડૉક્ટર પાસે જવામાં સંકોચ ન રાખવો. તમે જે જગ્યાએ એ જે રીતે ઊપસી આવતા ભાગનું વર્ણન કર્યું છે એ હર્નિયા હોવાની શક્યતા જણાય છે. ઘણી વાર ઍન્ગ્ઝાયટીને કારણે નાની તકલીફો મોટી બની જાય છે. જોકે આ લક્ષણોને સાવ હળવાશથી ન લેવાં જોઈએ. ક્લિનિકલ તપાસ વિના ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે એટલે તમારા ફૅમિલી ડૉક્ટરને કન્સલ્ટ કરવા જરૂરી છે.

હર્નિયા હોય તો તમારે કેટલીક કાળજી રાખવી પડશે. જેમ કે હંમેશાં લંગોટ કડક પહેરવો. વધુપડતું વજન ન ઊંચકવું. નીચેનાં અંગો પર પ્રેશર ન આવે એનું ધ્યાન રાખવું. રોજેરોજ પેટ સાફ થઈ જાય એની કાળજી રાખવી. જો કબજિયાત રહેશે અને મળ કઠણ થઈ જશે તો ટૉઇલેટ જતી વખતે વધારે જોર કરવાથી હર્નિયામાં વધારે તકલીફ થશે. વધુપડતી ખાંસી પણ ન થવી જોઈએ, નહીતર પ્રેશર વધારે આવે અને હર્નિયાની સમસ્યા વકરી શકે. આ સંજોગોમાં સમાગમ કે હસ્તમૈથુન ન કરવું જ હિતાવહ રહેશે.

વધુ રાહ જોયા વિના સારા સર્જનને કન્સલ્ટ કરવા જરૂરી છે. યોગ્ય નિદાન અને એની ચિકિત્સા થવી જરૂરી છે. જરૂર લાગે તો ઑપરેશન પણ કરાવવું પડે. બીજી એક વાતનું ધ્યાન એ રાખવું કે ૬૦ વર્ષની વય પછી દર થોડાં વર્ષે પ્રોસ્ટેટની તપાસ કરાવવી જોઈએ.

ફોરસ્કિન પર ચીરા, ઘર્ષણ અને લાલાશ કોઈ ગંભીર સમસ્યા તો નહીં હોયને?

હમણાંથી સમાગમ પછી ખૂબ થાકી જાઉં છું. બ્લડ-પ્રેશર છે પણ એની દવા ચાલે છે અને બધું નૉર્મલ છે

સવાલ : મારી ઉંમર ૩૯ વર્ષ છે. પહેલાંની સરખામણીએ જાતીય પ્રવૃત્તિની ફ્રીક્વન્સી ઘટી ગઈ છે. એમાંય વચ્ચે માંદગી અને પારિવારિક કાર્યક્રમોને કારણે લગભગ ચારેક મહિના માટે ગૅપ પડી ગયો. એ પછીથી ફરી ગાડી પાટે ચડી જ નથી. પહેલાં અઠવાડિયામાં એક કે બે વાર સમાગમ થતો હતો, પણ હમણાંથી ફ્રીક્વન્સી ઘટી ગઈ છે. દસ-બાર દિવસે એકાદ વાર થાય છે. સમસ્યા એ છે કે હમણાંથી મને સમાગમ પછી ફોરસ્કિન પર ચીરા પડી જાય છે. આવું એકાદ વાર નથી થયું, છેલ્લા ઘણા વખતથી થાય છે. છ-સાત દિવસમાં એ રુઝાઈ જાય છે. જોકે ત્યાં સુધી એ ભાગમાં લાલાશ ખૂબ વધી ગઈ હોય. દુખાવો અને બળતરા પણ સારીએવી થાય છે. હમણાંથી સમાગમ પછી ખૂબ થાકી જાઉં છું. બ્લડ-પ્રેશર છે પણ એની દવા ચાલે છે અને બધું નૉર્મલ છે. ફોરસ્કિન પર ચીરા, ઘર્ષણ અને લાલાશને કારણે ટેન્શન થાય છે કે આ કોઈ ગંભીર સમસ્યા તો નહીં હોયને?

જવાબ : ફોરસ્કિનમાં ચીરા, ઘર્ષણને કારણે લાલાશ અને બળતરા જેવાં લક્ષણો થવાનાં ગણીને ત્રણ-ચાર કારણો છે. એક તો બે સમાગમ વચ્ચે બહુ લાંબો ગૅપ હોય ત્યારે આવું સંભવ છે. એટલે પહેલાં તમે સમાગમની ફ્રીક્વન્સીમાં સાતત્ય જાળવો એ જરૂરી છે. વચ્ચે લાંબો સમય ગૅપ ન જવા દેવો અને ધારો કે ગૅપ ગયો હોય તો પછી ઉપરાઉપરી ફ્રીક્વન્ટ સમાગમ ન કરવો. બીજું, સામાન્ય કારણ ફોરપ્લેનો અભાવ હોઈ શકે. ત્રીજું કારણ અપૂરતું લુબ્રિકેશન હોય છે. ભલે તમને લાગે કે તમે પૂરતો સમય ફોરપ્લે કર્યો છે, પણ એવું બની શકે કે પાર્ટનર એટલી ઉત્તેજિત ન થઈ હોય અને લુબ્રિકેશન જોઈએ એટલું ન હોય એટલે હવેથી પેનિટ્રેશન કરતાં પહેલાં આંગળી વડે ચેક કરો કે પૂરતી ચીકાશ છે કે નહીં? ચોથું કારણ છે બ્લડશુગરમાં અચાનક વધારો.

તમને થાક લાગે છે તો શું સાથે વજનમાં વધારો થયો છે? આ ઉંમરે તમારે બ્લડ-શુગરનું ચેકઅપ કરાવવું જરૂરી છે. તમે ફાસ્ટિંગ, પોસ્ટ-લંચ અને HbA1c બ્લડ-ટેસ્ટ કરાવી લો. ડાયાબિટીઝની શરૂઆતનાં લક્ષણોમાં પણ આવું થઈ શકે છે. જો બ્લડ-શુગર વધેલું હોય કે ઈવન બૉર્ડરલાઇન પર હોય તો પણ તમારે ડાયટ અને નિયમિત ફિઝિકલ ઍક્ટિવિટી કે કસરત કરીને ઓવરઑલ સ્વાસ્થ્યની કાળજી રાખવી જરૂરી છે.

શું મોટા સ્તનવાળી સ્ત્રીઓને સ્તન-કૅન્સર થાય છે એ વાત સાચી છે?

દર મહિને એક વાર અરીસા સામે ઊભા રહીને જાતે જ બ્રેસ્ટનું ચેક-અપ કરવું. સ્તનમાં ક્યાંય પણ ગઠ્ઠા જેવું દેખાય, નિપલના રંગમાં ફેરફાર જણાય કે નિપલમાંથી પ્રવાહી નીકળતું હોય તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરવો.


સવાલ : મારી ઉંમર ૪૩ વર્ષ છે. મારા પતિને ફોરપ્લે દરમ્યાન બ્રેસ્ટ્સ ચૂસવાની આદત છે. મને ફોરપ્લેનો એ ગાળો ગમે છે ખૂબ, પણ ઘણી વાર તેઓ એ ક્રિયામાં એટલું જોર કરી બેસે કે ચીસ પડાઈ જાય એટલો દુખાવો થાય. તેમને એમ લાગે છે કે હું નાટક કરું છું, પણ હકીકતમાં એવું નથી. આવેશમાં આવીને તેઓ ખૂબ જોરથી દબાવે છે ત્યારે દુખાવો થાય છે એ મીઠો નથી હોતો. બીજું, પહેલાં મને ઓછી તકલીફ થતી હતી, પણ હમણાંથી આ તકલીફ વધી છે. એમાં પાછું વધુપડતું સ્તનપાન કરવાને કારણે સ્તન મોટાં અને બેડોળ થઈ ગયાં છે. બીજું, ઢીલાં પડી ગયેલાં સ્તનને ઉન્નત અને સુડોળ બનાવવા શું કરવું? શું મોટી બ્રેસ્ટવાળી સ્ત્રીઓને સ્તન-કૅન્સર થાય છે એ વાત સાચી છે?

જવાબ : બાળકને દૂધ પિવડાવવાની વાત હોય કે ફોરપ્લે દરમ્યાન પતિ સાથેની અંગત ચેષ્ટા, સ્તનપાન કરાવવાથી એના આકારમાં કોઈ જ ફરક નથી પડતો. સામાન્ય રીતે ડિલિવરી દરમ્યાન સ્તન ભરાય છે અને જો બાળકને તમે નિયમિત બ્રેસ્ટફીડ કરાવો તેમ જ યોગ્ય માપની બ્રેસિયર પહેરી રાખો તો સમય જતાં એ પાછાં પહેલાં જેવાં સંકોચાય છે.

યોગ્ય સપોર્ટ મળે એવી બ્રેસિયર ન પહેરવામાં આવતી હોય ત્યારે સ્તન લચી પડે છે અને બેડોળ થઈ જાય છે. ઉંમર વધવાની સાથે સ્તનના સ્નાયુઓ પણ ઢીલા પડતા જાય છે. સ્ત્રીઓ યુવાન હોય ત્યારથી જ જો ખોટા ફિટિંગવાળી અને યોગ્ય સપોર્ટ ન મળે એવી બ્રેસિયર પહેરતી હોય તો મસલ્સ વહેલા લચી પડે છે. ખાસ કરીને હેવી બ્રેસ્ટ ધરાવતી સ્ત્રીઓએ નીચેથી સપોર્ટ મળે એવી વધુપડતી ફિટ નહીં અને વધુપડતી ઢીલી નહીં એવી બ્રેસિયર પહેરવી. સ્તન સુડોળ બનાવવા માટે બજારમાં મળતાં કોઈ પણ પ્રકારનાં દવા-મલમ અસરકારક નથી હોતાં એટલે એવી બધી બાબતોમાં ખર્ચ કરીને ખોટા ભરમાશો નહીં.

મોટી બ્રેસ્ટવાળી જ નહીં, દરેક સ્ત્રીએ બ્રેસ્ટ-કૅન્સર બાબતે સાવચેત રહેવું જોઈએ. કૅન્સર પ્રિવેન્શન માટે નિયમિત કસરત કરવી અને લીલાં શાકભાજી તથા ફળો ડાયટમાં નિયમિત લેવાં. દર મહિને એક વાર અરીસા સામે ઊભા રહીને જાતે જ બ્રેસ્ટનું ચેક-અપ કરવું. સ્તનમાં ક્યાંય પણ ગઠ્ઠા જેવું દેખાય, નિપલના રંગમાં ફેરફાર જણાય કે નિપલમાંથી પ્રવાહી નીકળતું હોય તો તરત જ ડૉક્ટરનો સંપર્ક કરવો.

સ્ત્રીઓ માટે વપરાતું કામેચ્છા અને આનંદ વધારે એવું તેલ સજેસ્ટ કરશો?



અમારાં લગ્નને છ વર્ષ થયાં છે. પત્ની જાતીય જીવનમાં સપોર્ટિવ છે, પરંતુ ઍક્ટિવ નથી. કદી તે ઇન્ટિમસી માટે પહેલ નથી કરતી. એટલું જ નહીં, તેને ઑર્ગેઝમ ફીલ થતું હોય એવું પણ મને નથી લાગતું.

સવાલ : અમારાં લગ્નને છ વર્ષ થયાં છે. પત્ની જાતીય જીવનમાં સપોર્ટિવ છે, પરંતુ ઍક્ટિવ નથી. કદી તે ઇન્ટિમસી માટે પહેલ નથી કરતી. એટલું જ નહીં, તેને ઑર્ગેઝમ ફીલ થતું હોય એવું પણ મને નથી લાગતું. સંભોગ દ્વારા તેને સંતોષ મળતો હોય એવું નથી લાગતું, પણ જો મૅસ્ટરબેશન કે અન્ય ઓરલ સંતોષ આપું તો તેને ગમે છે. પુરુષો માટે વાપરવાનું કામવર્ધક તેલ હોય છે શું એવું સ્ત્રીઓ માટે હોય ખરું? એક વાર મેં મારા માટે લાવેલા કામવર્ધક તેલથી તેને ઑર્ગેઝમ કરાવી આપ્યું. તેની ચેષ્ટા પરથી લાગ્યું કે તેને એ ખૂબ ગમ્યું પણ હતું. જોકે એ પછી તેને ખંજવાળ આવવા લાગી હતી. તો સ્ત્રીઓ માટે વપરાતું કામેચ્છા અને આનંદ વધારે એવું તેલ સજેસ્ટ કરશો?

જવાબ : માર્કેટમાં કામવર્ધકના લેબલથી જે પણ ચીજો વેચાય છે એનાથી કામેચ્છા વધે એવું કદી બન્યું નથી. એ પુરુષો માટે હોય કે સ્ત્રીઓ માટે, કામેચ્છા પરાણે પેદા કરી શકાતી નથી કેમ કે એ માનસિક બાબત છે, શારીરિક નહીં. કામેચ્છા થયા પછી અંગોમાં કામોત્તેજના વધારે એવી ચીજો શોધાઈ છે, પણ કામેચ્છા જ ન હોવા છતાં ઉત્તેજના લાવી શકે એવું શક્ય નથી.

માર્કેટમાં જે તેલો આવે છે એનાથી કામશક્તિ વધી જવાનો દાવો પોકળ છે. એ માનસિક સંતોષ માટે હોય છે. કામવર્ધક પ્રોડક્ટની અંદર જે પ્રોડક્ટ છે એના કરતાં એના રૅપર પરના ઉત્તેજિત કરે એવા ચિત્રને જોઈને વધુ ફાયદો થાય છે. તેલ માત્ર સ્નિગ્ધતાનું કામ કરે છે. એ પછી સાદું કોપરેલ હોય કે મોટા દાવા કરતું કામવર્ધક તેલ, બન્નેનું એક જ કામ છે. તેલમર્દન કરવાથી અંગો વધુ મજબૂત થાય છે એવું નથી હોતું. એ ભાગમાં સ્પર્શ થવાને કારણે ઉત્તેજના વધે છે અને સ્નિગ્ધતા હોય તો ઘર્ષણ વિના સ્પર્શ માણી શકાય છે.

બીજું, સ્ત્રીઓનાં અંગો પરનું તેલ અંદરના ભાગોમાં પણ સહેલાઈથી જઈ શકતું હોવાથી જો તેલ ચોખ્ખું અને સ્ટરિલાઇઝ્ડ ન હોય તો અંદર ઇન્ફેક્શન થવાના ચાન્સિસ રહે છે. તમે આડાઅવળા અખતરા કરવા કરતાં સાદું સુગંધ વિનાનું કોપરેલ વાપરો એ જ બહેતર છે. તેલ લગાવ્યા પછી એ ભાગની હૂંફાળા ગરમ પાણી અને સાબુથી યોગ્ય સફાઈ થાય એ જરૂરી છે, નહીતર ઇન્ફેક્શન અને ઈચિંગ વધી શકે છે.

મારો કોઈ પાર્ટનર ના હોવાથી પોર્નોગ્રાફી ક્લિપ જોઈને હસ્તમૈથુન કરૂ છું

પૉર્નોગ્રાફી એ દરદ અને દવા બન્નેની ગરજ સારી શકે છે. તમે એનો જરૂર પડ્યે ઉપયોગ કરો તો કામનું અને એ તમારો ઉપયોગ કરવા લાગે તો નુકસાનકારક.

સવાલ : હું ૩૧ વર્ષનો છું અને કોઈ પાર્ટનર નથી. કૉલેજના સમયમાં ગર્લફ્રેન્ડ હતી અને ફિઝિકલી ઍક્ટિવ પણ હતો. જોકે મને એ પછીથી સજાતીય સંબંધો જોવામાં વધુ રસ પડવા લાગ્યો. પરિવારના રૂઢિવાદી સંસ્કારોને કારણે કદી બહારની સ્ત્રી પાસે ગયો નથી. હસ્તમૈથુન વર્ષોથી કરું છું. કલ્પનાઓથી હવે અસર નથી થતી એટલે પૉર્નોગ્રાફી જોતાં-જોતાં હસ્તમૈથુન કરું છું અને સંતોષ પણ મળે છે. સમસ્યા એ છે કે હું ઘરમાં એકલો જ હોઉં છું અને જ્યારે એકાંત મળે એટલે લૅપટૉપ પર આવી સાઇટ્સ જોવાનું મન થયા કરે છે. મને લાગે છે કે જો હું મારા ઘરમાં કોઈને નુકસાન ન પહોંચે એ રીતે આનંદ મેળવતો હોઉં તો એમાં સમાજને શું વાંધો હોવો જોઈએ? મેં સાંભળ્યું છે કે આવી ક્લિપ્સનો ઉપયોગ સેક્સ્યુઅલ સારવારમાં પણ કરાતો હોય છે. તો શું હું જે કરું છું એ ખોટું છે?

જવાબ : તમને જે આદત પડી છે એને તમે જસ્ટિફાય કરવાની કોશિશ કરી રહ્યા છો. કદાચ તમારા તર્કની દૃષ્ટિએ એ ખોટું નથી, કેમ કે



તમે એમાં કોઈનેય પ્રતાડિત નથી કરી રહ્યા. ઘરમાં છાનામાના એ કામ કરો છો એને કારણે કોઈને તમે સંકોચમાં પણ નથી મૂકી રહ્યા. એ બધું જ સાચું, પણ તમે કદી એ વિચાર્યું છે કે તમને શા માટે પૉર્નોગ્રાફી તરફ આટલું ખેંચાણ થાય છે?

જરાક સમજશો તો ખબર પડશે કે તમારી જાતીય ઇચ્છાઓ અતૃપ્ત રહી જતી હોવાથી તમને એ સ્ક્રીન પર જોવાનું મન થાય છે. જ્યારે પર્મનન્ટ અને પ્રેમાળ જીવનસાથી તમારી સાથે હોય છે ત્યારે આ બધી કાલ્પનિક અને કેટલેક અંશે ખોટી રીતે ઉત્તેજિત કરે એવી બાબતો પ્રત્યે આકર્ષણ આપમેળે સરી જાય છે.

પૉર્નોગ્રાફી એ દરદ અને દવા બન્નેની ગરજ સારી શકે છે. તમે એનો જરૂર પડ્યે ઉપયોગ કરો તો કામનું અને એ તમારો ઉપયોગ કરવા લાગે તો નુકસાનકારક.

પૉર્નોગ્રાફિક સાઇટ્સ પર જે હોય છે એમાંનું બધું જ સાચું નથી હોતું. સ્ત્રી-પુરુષના સંબંધોને ગલગલિયાં કરાવે એ રીતે રજૂ કરવામાં આવ્યા હોવાથી સ્ત્રી-પુરુષમાં જાતજાતની ગ્રંથિઓ ઘર થઈ જવાનું રિસ્ક પણ રહેલું છે. પૉર્નોગ્રાફીનું વળગણ એવી બાબત છે કે જો તમે આ બાબતે જાતે કન્ટ્રોલ ન રાખી શકો તો એ તમારી માનસિક સ્વસ્થતાને હાનિ પહોંચાડી શકે છે. અત્યારે તમને મન થયા કરે છે અને પછી ધીમે-ધીમે તમને એના વિના ન ચાલે એવી સ્થિતિ પણ નિર્માણ થઈ શકે છે.



હોળી-ધૂળેટી પર્વ અંગે આજે વિવિધ શાળા તથા કોલેજોમાં વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ દ્વારા રંગોત્સવની ઉજવણીમાં એકબીજાને વિવિધ કલરથી રંગી મનભરીને તહેવાર માણ્યો હતો. શહેરની શાળાઓ તથા કોલેજોમાં રંગોત્સવની ઉજવણી દરમિયાન ઉક્ત તસ્વીરોમાં જણાય છે તેવા દ્રશ્યો સર્જાયા હતા.

વરેલીમાં માસુમ બાળકી પર બળાત્કાર ગુજારનાર આરોપી વિકાસ રાજવંશી પકડાયો

સુરત જિલ્લા કાઈમ બ્રાંચ પોલીસે બાળકી પર બળાત્કાર ગુજારનાર ૧૯ વર્ષિય યુવકને એનકેન પ્રકારે શોધી કાઢ્યો

સુરત

વરેલી ગામમાં સોમવારની સાં આઠેક વાગ્યાના સુમારે ૭ વર્ષિય માસુમ બાળકીને ચોકલેટ આપવાના બહાને લઈ જઈ હરીપુરા રોડ પર ખુલ્લી જગ્યામાં માસુમ સાથે બળાત્કાર ગુજારનાર યુવાનની જિલ્લા એલસીબી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. સાંજે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી મુજબ વરેલી ગામમાં પ્રરપ્રાંતીય વિસ્તારમાં રહેતા મુળ ઉત્તર પ્રદેશના પરિવારની ૭ વર્ષની માસુમ બાળકી સોમવારે સાંજે આઠ વાગ્યાના સુમારે એપાર્ટમેન્ટ પાસે રમી રહી હતી. ડાઈંગ મિલમાં કામ કરનાર વ્યક્તિ દસેક દિવસ અગાઉ જ આ બિલ્ડીંગમાં રહેવા માટે આવ્યો હતો. પોતાની એકની એક દિકરી રમતા રમતા અચાનક ગુમ થઈ હતી તેની શોધખોળ કરતા થોડા સમય બાદ બાળકી અચાનક ઘરમાં આવી ચુપચાપ બેસી રહી હતી. માતાને જણાવ્યું કે તેના ગુપ્ત ભાગે લોહી નીકળે છે. અને દુખાવો થાય છે. પરિવારના સભ્યો દ્વારા આ અંગે પોલીસને જાણ કરતા બાળકીને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બળાત્કારના ચકચારીત બનાવમાં સ્થાનિક કડોદરા પોલીસની સાથે જિલ્લા એલસીબી પણ જોડાઈ હતી. એલસીબીએ આ બનાવમાં આરોપી વિકાસ રાજવંશી (ઉ.વ.૧૯, મૂળ રહે. બિહાર, હાલ રહે. પિડીતાની બાજુની બિલ્ડીંગમાં) ડાઈંગ મિલમાં કારીગર તરીકે કામ કરનાર વિકાસ માસુમને ચોકલેટ આપવાના બહાને લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો.

આ બનાવ અંગે સાંજે ૪ વાગે જિલ્લા એલસીબી પત્રકાર પરિષદ યોજી વિસ્તૃત માહિતી આપશે. સ્મીમેરમાં સારવાર લઈ રહેલી માસુમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ચૂંટણી સાહિત્યના મુદ્રણ તથા પ્રકાશન અંગે અગત્યની સૂચના

હુકમનો ભંગ કરનાર સામે કાનૂની કાયર્વાહી કરાશે

નવસારી

આગામી દિવસોમાં યોજનારી લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુસંધાને ચૂંટણી પંચ દ્વારા તા. ૧૦/૦૩/૨૦૧૯ના રોજથી ચુંટણી પૂર્ણ ન થાય ત્યાં સુધી ચૂંટણી સાહિત્યના મુદ્રણ માટે કેટલીક આદર્શ આચાર સંહિતા અમલમાં મૂકવામાં આવી છે.

નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડો. એમ.ડી.મોડીયાના જણાવ્યા મુજબ લોક પ્રતિપ્રધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૨૭(એ) ની જાગવાઈ અનુસાર કોઈ પણ પ્રિન્ટિંગ -પ્રેસના માલિકો/ સંચાલકો/ ભાગીદારો તથા ઝેરોક્ષ કે અન્ય નકલોના છાપકામ માટે આવતી પત્રિકા, પોસ્ટર,ભીતચીત્ર, ચોપાનીયા કે સાહિત્ય વિગેરેમાં મુદ્રક -કાશકનું પૂરૂ નામ અને સરનામુ અચૂક છાપવાનું રહેશે..આ છાપકામ કરાવનાર પાસેથી મુદ્રકે ૧૨૭- (એ) મુજબનું એકરારનામૂં બે નકલમાં તથા આવા છાપકામની ચાર નકલ જિલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપવાની રહેશે.આ સુચનાઓનો ભંગ કરનાર સામે ૬ માસની જેલ અથવા રૂપિયા બે હજારનો દંડ અથવા બંન્ને -કારની સજા થઈ શકે છે.

કવાસ એનટીપીસી ભારતમાં સૌપ્રથમ ફ્લોટિંગ સોલાર પાવર કવાસમાં વીજ ઉત્પન્ન કરશે

લેન્ડ બેઝ્ડ સોલાર પ્રોજેક્ટ આગામી એપ્રિલ માસથી વિજળીનું ઉત્પાદન કરશે

સુરત

એન.ટી.પી.સી. કવાસના જનરલ મેનેજર દેબાશિષ દાસે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે એન.ટી.પી.સી. કવાસ ચાલુ વર્ષે ૩ નવા પ્રકલ્પો શરૂ કરવા જઈ રહ્યું છે. ભારતનું પ્રથમ ફ્લોટિંગ સોલાર પાવર સ્ટેશન એન.ટી.પી.સી. કવાસમાં એપ્રિલથી વીજ ઉત્પાદન શરુ કરશે. તે ઉપરાંત એન.ટી.પી.સી. કવાસમાં ઓટો વોલ્ટિંગ ૪૦ મેગાવોટ લેન્ડબેઝ સોલાર પાવર પ્લાન્ટનું કામ પણ શરૂ થશે. ફ્લોટિંગ સોલાર પાવર સ્ટેશન થકી ૧ મેગાવોટ વિજળીનું ઉત્પાદન કરાશે. આ પાવર સ્ટેશન પાણીની અંદર ઊભુ કરવામાં આવશે. અત્યારે કરાર મુજબ સુરત મનપાએ ૧૫ એમ.જી.ડી. પાણી પુરવઠો મેળવવાનો હકદાર છે. પરંતુ કંપની અત્યારે માત્ર ૨ એમ.જી.ડી. પાણીનો વપરાશ કરે છે. કંપની જે પાણીનો વપરાશ કરે છે તેને ફરી રિસાઈકલ કરી ઉપયોગમાં લેશે. હજીરામાં કંપની ઝીરો ડિસ્ચાર્જ પ્લાન્ટ ધરાવે છે.

કવાસમાં અત્યાર સુધીમાં તમામ પ્રોજેક્ટ ગેસ આધારિત ચાલી રહ્યા છે જયાં ૬૫૬ મેગાવોટ વિજળી ઉત્પાદન કરવાની ક્ષમતા છે. પાણીની બચત માટે કંપનીએ કેટલાક માપદંડ નક્કી કર્યા છે. એવી જ રીતે કંપની નવો ૪૦ મેગાવોટનો લેન્ડબેઝ પાવર પ્લાન્ટ ચાલુ વર્ષે શરૂ કરવા જઈ રહ્યું છે. એન.ટી.પી.સી. ૫૩,૧૬૭ મેગાવોટ વિજળીનું ઉત્પાદન કરે છે તેના ૨૦ કોલસા આધારિત ૭ ગેસ આધારિત, ૧ હાઈડ્રોપાવર, ૧ વીંડ પાવર, ૧૧ સોલાર પાવન સ્ટેશન ધરાવે છે. તથા ૯ જોઈન્ટ વેન્ચર પાવર પ્લાન્ટ છે.

એચડીએફસી બેન્ક દ્વારા ટીચીંગ, ધ ટીચર્સ પુસ્તિકાનું લોન્ચીંગ કરાયું

શિક્ષણના નવીન પ્રોજેક્ટની કરોડો વિદ્યાર્થીઓને લાભ

સુરત

એચડીએફસી બેન્કે તાજેતરમાં નવચાર પુસ્તિકા નામની શિક્ષણના નવીન આઈડીયા ધરાવતો એક મેન્યુઅલ લોન્ચ કર્યો છે. નવચાર પુસ્તિકા (નવીનીકરણ હેન્ડબુક) એ શિક્ષણના નવીન આઈડીયાઓનું એકત્રીકરણ છે જેમાં શિક્ષકો દ્વારા જ યોગદાન આપવામાં આવ્યું છે. આ વિના મૂલ્યના ઊંચી અસર કરતા આઈડીયા એચડીએફસી બેન્કના 'ટીચીંગ ધ ટીચર' (3T) પ્રોગ્રામ, બેન્કના સીએસઆર છત્ર #Parivartan હેઠળનો છે. ૩ પ્રોગ્રામ શ્રી ઔરોબિંદો સોસાયટીના સહયોગથી ચલાવવામાં આવે છે.

3T હેઠળ ૧૮ રાજ્યોના ૧૪ લાખથી વધુ શિક્ષકોને તેમની પાસેથી આઈડીયા મંગાવીને તાલીમ આપવામાં આવી છે અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવાના હેતુથી શાળાઓમાં પસંદગીના આઈડીયાઓને અમલી બનાવવામાં આવ્યા છે. આ પ્રોગ્રામથી પહેલેથી જ ૬ લાખ સરકારી શાળાઓના ૧.૬ કરોડ વિદ્યાર્થીઓને લાભ થયો છે. ટોચના ૬૦૦ જેટલા ભાગ લેતા શિક્ષકોને નવી દિલ્હી ખાતે ૩ દિવસના તાલીમ વર્કશોપમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. જ્યાં એચડીએફસી બેન્કના સીએસઆર ગ્રુપ વડા કુ. આશિમા ભાટ અને શ્રી ઔરોબિંદો સોસાયટીના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર શ્રી સંભ્રાંત શર્મા દ્વારા પ્રત્યેક ૧૮ રાજ્યો માટેના ઈનોવેશન મેન્યુએલને લોન્ચ કરવામાં આવ્યો હતો.

કંપનીમાં નોકરી કરતા મેનેજર દ્વારા ૧૨.૮૨ લાખની ઉચાપત

ફરજ દરમિયાન કંપનીના રૂપિયા મેનેજરે અંગત કામમાં વાપરી નાંખ્યા

સુરત

સિટીલાઈટ રોડ એસ્કોન સીટી કોમ્પ્લેક્સમાં આવેલી કંપનીની ઓફિસમાં કામ કરતો મેનેજરે રૂપિયા ૧૨.૮૨ લાખની ઠગાઈ કરી હતી. નોકરી દરમિયાન મેનેજરે રૂપિયાની ઉચાપત કરતા કંપની તરફથી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પાર્લે પોઈન્ટ ગેટ વે હોટલની સામે શક્તિનગરમાં રહેતા નવીન અશોકભાઈ આશ્વાનીની સીટીલાઈટ એસ્કોન સીડીમાં આવેલ ઓફિસમાં બિઝનેસ ડેવલોપમેન્ટ મેનેજર તરીકે ફરજ બજવતો જયંતિ છોટાભાઈ સોલંકી રહે. વડોદરાએ તા.૨૧-૧૦-૧૬ થી તા.૨-૮-૨૦૧૮ દરમિયાન કંપનીના રૂપિયા ૧૨,૮૨,૦૭૬ જમા નહીં કરાવી કંપની સાથે છેતરપિંડી કરી હતી. ઉમરા પોલીસે કંપનીના માલિક નવીન આશ્વાનીની ફરિયાદ નોંધી પોસઈ બી.બી. ગોંડલીયાએ તપાસ હાથ ધરી છે.

સુમેળ અને સામુહિક પ્રયાસ વગર ઉદ્યોગનું સાહસ શક્ય નથી : ત્રિવેદી

ઉદ્યોગ સાહિસકોના ભુત, વર્તમાન અને ભવિષ્ય વિષય ઉપર સેશન યોજાયું

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ્ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતિ ઈન્સ્ટીટયુટ ઓફ્ ટેકનોલોજીનાસહકારથીગતરોજ કાપોફ સ્થિત શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતિ ઈન્સ્ટીટયુટ ઓફ્ ટેકનોલોજી ખાતે 'ઉદ્યોગ સાહસિકોના ભુત, વર્તમાન અને ભવિષ્ય' વિષય ઉપર સેશનનું આયોજન કર્યુ હતુ. જેમાં હાઈડ્રો ન્યુમેટીક ટેકનીકસના મેનેજિંગ ડાયરેકટર શ્રી પંકજ ત્રિવેદીએવિદ્યાર્થીઓ અને યુવાઓનેમાર્ગદર્શન આપ્યુ હતુ. શ્રી પંકજ ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે આંત્રિપ્રિન્યોરમાટે બ્રોડ માઈન્ડ હોવુ જોઈએ અને કલેકટીવ ડિસીઝન લેવાની આવડત હોવી જોઈએ. ઉદ્યોગ સાહસિકને રોજ નવુ નવુ શીખતા રહેવુ પડેઅને અભ્યાસ કરવો પડે છે. ઉદ્યોગમાં તમે કમાવો કે ગુમાવો એના માટેએકમાત્ર તમારી જ જવાબદારી બને છે.તેમણે કહયુ કે, ભારત એ પહેલા દુનિયાનો સર્વશ્રેષ્ઠ આંત્રિપ્રિન્યોર દેશ તરીકે ઓળખાતો હતો. ભારતની શિક્ષણ પ્રથામાં જ ઉદ્યોગ સાહસિકતા જોવા મળતી હતી.એક ગામમાં રહેતા ચારથી પાંચ હજાર લોકોમાંથી શિ૧ાક, તલાટી કમ મંત્રી, ડોકટર અને પોસ્ટ માસ્તર જેવા ચારથી પાંચ નોકરીયાત હતા. બાકીના પોતપોતાનો ધંધો જ કરતાહતા.અંગ્રેજી શિ૧ાણ પદ્ધતિ બાદ ભારતીય શિક્ષણ પ્રથા સદંતર બદલાઈ ગઈ. વારસાગત આંત્રિન્યોરશિપ અને ધંધાકીય સુઝ મેળવવાની જે ખરી પદ્ધતી હતી તે તુટી ગઈ.

ઉદ્યોગ સાહસિકોના વર્તમાન વિશે પ્રકાશ પાડતા તેમણે કહયુ હતુ કે,આજનો યુવા વર્ગ હાઈલી કન્ફ્યુઝ છે. નોકરી કરવી કે ધંધો બંને બાજુએ અટવાય છે. પણ જો એમાં કલેકટીવ એફ્ર્ટ હોય તો દરેકના સાઈઝ -માણે બિઝનેસ મળી રહે. મિકેનીકલ, સિવિલ અને ઈલેકટ્રીકલ એન્જીનિયર તથા એકાઉન્ટ્સ અને આર્ટના યુવકો મળીને નાની કંપની શરૂ કરી બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનું કામ કરી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ઉદ્યોગ સાહસિક બનવાનુ વિચારી લેનાર યુવાઓ બહારના દેશોમાંથી ઈમ્પોર્ટ નહીં કરવી પડે એવી વસ્તુઓને ટાર્ગેટ કરીને બિઝનેસ શરૂ કરી શકે છે. એના માટે તેઓને બિઝનેસ અને સર્વિસ સ્ટાન્ડર્ડ સમજવા પડશે. કેમિકલ, ફ્ર્ટીલાઈઝર અને મશીનરી જેવા વિવિધ સેગ્મેન્ટમાં મોટી કંપની જે કઈ વસ્તુઓ બનાવતી હશે તેની પાછળ અન્ય કંપનીઓ નાની – નાની વસ્તુઓ બનાવતી હોય છે. કોલેજમાં ફ્ર્સ્ટ અને સેકન્ડ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મેન્યુફ્ેકચર, સર્વિસ, અને સેફ્ટીના સ્ટાડન્ડર્ડ સમજવા પડશે. હાર્મોનાઈઝ અને કલેકટીવ એફ્ર્ટ વગર આંત્રિપ્રન્યોર બનવુ શકય નથી.

માંડવીમાં હાઈટેન્શન વાયરની થયેલી ચોરી

સુરત

માંડવી તાલુકાના તોતાપુર ગામ ખાતે આવેલા ખેતરોમાં ઊભા કરેલા હાઈટેન્શન ટાવર પરથી પેન્થર કંડક્ટર વાયર કિંમત રૂા.૨.૬૮ લાખની ચોરી કરી તથા સિંગલ ટેન્શન હાર્ડવેર નંગ-૪ને નુકસાન કરી અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ માંડવી પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે વિદ્યુત કંપનીના કર્મચારીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ ચાર રસ્તા લક્ષ્મી રેસીડેન્સી ખાતે કૈલાશભાઈ કાશીનાથભાઈ ખૈરનાર રહે છે. તેઓ ૨૨૦ કે.વી. વિદ્યુત સબ સ્ટેશનમાં નોકરી કરે છે. તેઓએ માંડવી પોલીસ મથકમાં નોંધાવેલી એક પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, માંડવી તાલુકાના તોતાપુર ગામ ખાતે આવેલા ખેતરોમાં ઊભા કરેલા વિદ્યુત હાઈટેન્શન ટાવરો પરથી એસીએસઆર પેન્થર કંડક્ટર ૧૯૭૫ કિલોમીટર વાયર કિંમત રૂા.૨.૬૮ લાખની ચોરી કરી અજાણ્યા તસ્કરો ફરાર થઈ ગયા હતા. માંડવી પોલીસે આઈપીસી ૩૭૯ તથા ૪૨૭ મુજબનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે વીજ કંપનીના અધિકારી કૈલાશ ખૈરનારનું નિવેદન નોંધવાના ચક્રોગતિમાન કર્યા હતા.

ગુજરાત ટેબલ ટેનિસ એસોને બેસ્ટ એસોસિએશન એવોર્ડ

ઓલ ઈન્ડિયા ફેડરેશન ચોથી વખત ગુજરાતનું એવોર્ડ

ગાંધીધામ

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિએશન (જીએસટીટીએ) ને ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડીયા (ટીટીએફઆઈ) દ્વારા વર્ષ ૨૦૧૮ માટે 'બેસ્ટ એસોસિએશન' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. જીએસટીટીએ 'બેસ્ટ એસોસિએશન' નો એવોર્ડ ચોથી વખત મેળવ્યો છે.

ગુરગાંવ (ગુરુગ્રામ) હરિયાણા ખાતે યોજાયેલી ટી.ટી.એફ.આઈ.ની વાર્ષિક સાધારણ સભામાં રાષ્ટ્રીય સંસ્થાએ જીએસટીટીએના પ્રયત્નોની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે જીએસટીટીએ ૨૦૧૮માં ખુબ સારા પરિણામો સાથે ટીટીએફઆઈના સૌથી સમૃદ્ધ એકમ તરીકે ઉભરી આવ્યુ છે.

"આ એવોર્ડ અમારા પ્રયત્નોની કદરની નિશાની છે. પ્રમુખ તરીકે, હું જીએસટીટીએના બધા પદાધિકારીઓ તેમજ દરેક જીલ્લાના અધિકારીઓનો આભાર માનું છું કે જેમણે ગુજરાતમાં ટેબલ ટેનિસ રમતની સુધારણા માટે અવિશ્વસનીય કામ કર્યું છે. હું ગુજરાતના બધા ખેલાડીઓ અને કોચીસ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું કે જેમના પ્રયાસોએ જીએસટીટીએને ગૌરવ અપાવ્યું છે." જીએસટીટીએના પ્રમુખશ્રી વિપુલ મિત્રા, આઈએએસ એ જણાવ્યું હતું.

લસકાણામાં બનાવટી ગુટખા બનાવતુ કારખાનું ઝડપાયું

સુરત

લસકાણામાં બનાવટી ગુટખાનું કારખાનું સરથામા પોલીસે ઝડપી પાડ્યું હતું. પોલીસે રૂા.૨.૯૩ લાખનો મુદ્દામાલ જમ કરી ત્રણ જણાંની ધરપકડ કરી હતી.

સરથાણા પોલીસે લસકાણા ડાયમંડ નગર અમૃત ઉદ્યોગનગર ખાતા નં.૧૫૮ ત્રીજા માળે ભરતભાઈના કારખાનામાં દરોડા પાડ્યા હતા. આરોપી ધર્મેશ નરેશ ખૂંટ, અમીત હિંમત ઝાલાવડીયા, પિયુષકુમાર દેવચંદભાઈ ગોંડલીયાએ ડુપ્લીકેટ પાનમસાલાને અસલ તરીકે બજારમાં વેચવા માટે કારખાનું ઊભુ કરી વિમલ પાનમસાલા બનાવી ખરા તરીકે બજારમાં વેચાણ કરી કંપનીને આર્થિક નુક્સાન પહોંચાડ્યું હતું. સરથાણા પોલીસે મટરીયલ્સ, સાધન સામગ્રી મળી કુલ રૂા.૨,૯૩,૭૦૦નો મુદ્દામાલ જમ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

નિયોલ ગામ પાસે મધરાત્રે પોલીસે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડી

કારમાંથી રૂા.૧.૮૩ લાખનો દારૂ મળી આવ્યો

સુરત

કડોદરા પોલીસ મથકની હદમાં આવેલ નિયોલ ગામની સીમમાંથી મધરાત્રે મોનીટરિંગ સેલની પોલીસ ટીમે પોણા બે લાખનો વિદેશી દારૂ ભરેલી કારને ઝડપી પાડી હતી. પોલીસે વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર તથા મોકલનાર સહિત આઠ જણાંને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી લોકસભાની ચૂંટણી હોવાથી દારૂની હેરાફેરી રોકવા ગાંધીનગર સ્ટેટ મોનીટરિંગ સેલની પોલીસ ટીમ પલસાણા તાલુકા વિસ્તારમાં ફરી રહી હતી. ત્યારે ખાનગી રાહે મળેલ બાતમીના આધારે નિયોલ ગામની સીમમાં ગઈકાલે મધરાત્રે મોનીટરિંગ સેલની પોલીસ ટીમ તપાસ કરવા જતા નિયોલ ગામે બ્લોક નં.૩૦૬ વાળી વલ્લભભાઈ ધનજીભાઈ વઘાસીયાની જમીનની પાસે કાચા રસ્તા ઉપરથી વીએક્ષઆઈ સ્વીફ્ટ કારને ઝડપી પાડી હતી. ત્યારે અંધારાનો લાભ લઈ કાર ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે કારમાં તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બાટલીઓનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા ટીન નંગ ૧૪૬૬ કિંમત રૂા.૧,૮૩,૨૦૦ તથા એક ગિસ્ટીગ ગ્રે કલરની સ્વીફ્ટ વીએક્ષઆઈ કારની કિંમત રૂા.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂા.૬,૮૩,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે આ દારૂ મંગાવનાર વોન્ટેડ આરોપી મુકેશભાઈ નિરંજનભાઈ રાઠોડ રહે. નિયોલ તાલુકા પલસાણા જિ. સુરત તથા દારૂ મોકલનાર રોશન ઉમેશ ઠાકુર રહે. દમણ તેમજ વિશ્વાસ ભીમરાવ ગડરી રહે. નવાપુર પંકજ નામદેવ સોનવણે, કમલેશ ઉર્ફે કમલેશ મારવાડી, મીઠાલાલ ખત્રી, નિતીન પાટીલ બે અજાણ્યા ઈસમો સહિત સીક્ષ્ટ કાર ચાલકને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ચારિત્ર્ય પર શંકા રાખી પતિએ પત્નીનું ગળુ કાપી નાંખ્યું

સુરત

પાંડેસરામાં પતિએ જ નિંદ્રાધિન પત્નીનું ચપ્પુથી ગળું કાપી હત્યાનો પ્રયાસ કરતા પરિવારમાં દોડધામ મચી ગઈ હતી. ગઈકાલે મધરાત્રે બનેલી આ ઘટના બાદ ટીના પટેલને તાત્કાલિક ૧૦૮ની મદદથી સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. ચારિત્ર્ય પર શંકા કરતા પતિએ આઠ દિવસ પહેલા પણ ટીનાના પેટમાં ચપ્પુ મારીને મારી નાખવાની કોશિષ કરી હતી. જોકે ટીના પર વારંવાર થતા પતિના હુમલા બાદ પોલીસે ભાગી ગયેલા અરવિંદ પટેલની શોધખોળ હાથ ધરી છે.

પીડિત ટીનાના પરિવારજનોએ જણાવ્યું હતું કે, હુમલાખોર પતિ ડાઈંગ મિલમાં નોકરી કરે છે અને સાત વર્ષનો લગ્ન ગાળો છે. સંતાનમાં એક ૪ વર્ષની દીકરી અને એક ૨ વર્ષની દીકરી છે. ટીનાના ચારિત્ર્ય પર વહેમ કરતા અરવિંદે આઠ દિવસ પહેલા પણ ટીનાના પેટમાં ચપ્પુ મારી હત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે ત્યારે કપડાને લઈ ચપ્પુ વળી ગયું હતું. ત્યારબાદ મંગળવારની રાત્રે નશામાં ચૂર બની અરવિંદે બાળકો સાથે સુતેલી પત્નીના ગળા પર ઉપરા ઉપરી ચપ્પુના અનેક વાર કરી મારી નાખવાનો પ્રયાસ કરી ભાગી ગયો હતો.ટીનાની બુમાબુમ બાદ માતા અને બાળકો જાગી જતા ટીનાને હોસ્પિટલ લઈ જવાઈ હતી. હાલ ટીનાનો પતિ અરવિંદ પોલીસ પકડથી દૂર છે.

હિરેન (EMT, ૧૦૮) એ જણાવ્યું હતું કે, કોલ લગભગ મધરાત્રીના એક વાગ્યાનો હતો. પાંડેસરાના આશાપુરી સોસાયટીમાં પતિએ પત્નીનું ગળું કાપી નાખ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ બાદ તાત્કાલિક તેમની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ઘરમાં એક મહિલા જમીન પર લોહી નીકળતી હાલતમાં પડી હતી. ઈમર્જન્સી સારવાર સાથે મહિલાને તાત્કાલિક ૧૦૮માં સિવિલ લઈ આવ્યા હતા. જ્યાં ડોકટરોએ ઓપરેશન કરી અનેક ટાંકા લઈ મહિલાનો જીવ બચાવી લીધો હતો.

એમ્બ્રોયડરી કારખાનેદારને બ્લેકમેઈલ કરનાર મહિલા સહિત ત્રણની ધરપકડ

કારખાનેદારને હનીટ્રેપમાં ફસાવી ટોળકીએ લૂંટી લીધો હતો

સુરત

કાપોદ્રાના એમ્બ્રોયડરી કારખાનેદારની હનીટ્રેપ ગોઠવી રૂા.૧.૪૧ લાખ પડાવી લઈ બિભત્સ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલ કરનાર ટોળકી સામે કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૂળ અમરેલી બગસરાના વતની અને હાલ સીમાડા ગામ સુવિધા રો હાઉસમાં રહેતા એમ્બ્રોડરી કારખાનેદાર સતીષ બાબુ બરવાળીયાએ આરોપી વિજય દિલીપભાઈ બારૈયા, ઓમકાર ગોસ્વામી, જયશ્રી ઉર્ફે ગુડ્ડી તથા અન્ય બે અજાણ્યા વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ફરિયાદીનો બિભત્સ વીડિયો ઉતારી બ્લેકમેઈલ કરી રૂા. પાંચ લાખની માંગણી કરી હિચકારા કડાથી માર મારી રૂા.૪૫ હજારની સોનાની ચેન ઝુંટવી લઈ રોકડા રૂા.૨૬૦૦૦ અને એટીએમ કાર્ડ છીનવી રૂા.૭૦ હજાર ઉપાડી લઈ કુલ રૂા.૧,૪૧૦૦૦ બળજબરીથી લઈ જઈ બીજા રૂપિયાની માંગણી કરી બદનામ કરવાની ધમકી આપી હતી. કાપોદ્રા પોલીસે સતીષભાઈ બરવાળીયાની ફરિયાદ નોંધી આરોપીઓને છટકુ ગોઠવી એક મહિલા સહિત કુલ ત્રણ આરોપીઓને પકડી પાડ્યા હતા.

પર્યાવરણના જતન અંગે ચૂંટણી પંચે કરેલો નિર્ણય

ચૂંટણી પ્રચાર સામગ્રીમાં પ્લાસ્ટીક પોલીથીનનો ઉપયોગ કરવો નહીં

સૂરત

ભારતીય ચુંટણી પંચ દ્વારા આગામી સમયમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચુંટણીઓને ધ્યાને લેતા સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનરશ્રી પી. એ.ચૌધરી(વિશેષ શાખા)એ એક જાહેરનામા દ્વારા સુરત શહેર પોલીસ કમિશ્નરરેટ વિસ્તારમાં કોઈ પણ રાજકીયપક્ષો, ઉમેદવારો, તેમના એજન્ટ કાર્યકરો કે સમર્થકો દ્વારા પર્યાવરણને હાનીકારક એવી પ્લાસ્ટીક, પોલીથીન જેવી સામગ્રીનો ચુંટણી સંબંધી પ્રચાર સામગ્રીમાં ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. હુકમનો ભંગ કે ઉલ્લંધન કરનાર શિક્ષાને પાત્ર થશે.

રાજપીપળા સ્વામી વિવેકાનંદ વિદ્યાલયમાં ધુળેટીની ઉજવણી



રાજપીપળાની સ્વામી વિવેકાનંદ વિદ્યાલયખાતે બીફોર ધૂળેટી મનાવતા બાળકોએ ઉત્સાહભેર ધુળેટી ની ઉજવણી કરી હતી સ્કૂલો માં અભ્યાસની સાથે સાથે દરેક તહેવારોમાં શાળા પરિવાર સાથે બાળકોને ધુળેટી દિવાળી જેવા મોટા તહેવારોમાં રંગ અને ફટાકડા સાથે ઉજવણી કરવાની ખુબ મજા આવતી હોય છે ત્યારે આજ રીતે દર વર્ષે આવા મોટા પર્વમાં રાજપીપળા ની સ્વામી વિવેકાનંદ વિદ્યાલય પરિવાર ખાસ ઉજવણી કરે છે .

મે - ૨૦૧૯ માટે એપ્રેન્ટીસ પરીક્ષાના ફોર્મ ભરવા જોગ

ભરૂચ

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ભરૂચને હસ્તજકના એકમો ખાતે તાલીમ લેતા તેમજ તાલીમ પૂર્ણ થઈ ગયેલ ટ્રેડ એપ્રેન્ટીસો કે જેઓ પરીક્ષામાં બેસવાપાત્ર છે તેમને જણાવવામાં આવે છે. કે મે-૨૦૧૯ ની અ.ભા.વ્યે. કસોટી(એપ્રેન્ટી સ) પરીક્ષાના ફોર્મ () અને ફી () ઓનલાઈન ભરી તાત્કાવલિક ઔદ્યોગિક તાલીમ સંસ્થાલ અને સ્કી લ મૂલ્યાં કન કેન્દ્ર - ભરૂચ કચેરીમાં જમા કરાવવા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

લોકસભા ચૂંટણી દરિમયાન સુરતમાં હિથયારબંધી અમલી

સુરત મદદનીશ પોલીસ કિમશનરનું જાહેરનામું

સુરત

ભારતીય ચુંટણી પંચ દ્વારા આગામી સમયમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૯ને ધ્યાને લેતા સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનરશ્રી પી. એ.ચૌધરી(વિશેષ શાખા)એ એક જાહેરનામા દ્વારા સુરત પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. કોઈ પણ વ્યકિતએ હથિયાર ધારણ કરવું નહી અથવા આવા હથિયાર સાથે હરવુ ફરવું નહી. સુરત શહેર વિસ્તારમાં બહારથી મેળવેલા કે શહેરમાંથી મેળવેલા પરવાના ધારણ કરનારાઓએ પણ હથિયાર ધારણ કરવું કે જાહેરમાં હરવું ફરવું નહી.

આ જાહેરનામું ફરજ પરના અધિકારીઓ અને કર્મચારીઓને લાગુ પડશે નહી. તેમજ નેશનલ રાયફલ એસોસીયેશનના રમતવીરોને હુકમ લાગુ પડશે નહી. આ ઉપરાંત હિરાની ફેકટરીઓ તથા સોનચાંદીની દુકાનોમાં સલામતીની ફરજ બજાવતા ગાર્ડને કામકાજના સમય દરમિયાન હથિયાર સુરક્ષા અર્થે રાખી શકશે. જાહેરનામું તા.૧૨/૫/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. હુકમનો ઉલ્લંધન કરનાર શિક્ષાને પાત્ર થશે.

ઈંગ્લીશ દારૂની કુલ રૂ.૮૬૪૦૦/-ના પ્રો.હી. મુદ્દામાલનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નેત્રંગ પોલીસ

પોલીસ અધિક્ષક રાજેનદ્રસીહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક એલ.એ.ઝાલા અંક્લેશ્વર વિભાગ નાઓ તરફથી પ્રોહી.ની અસામાજીક પ્રવૃત્તિ ચલાવતા ઇસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અંગેની સુચના આધારે નેત્રંગ પોલી.સ્ટેશન વિસ્તારમાં પ્રોહીની અસામાજીક પ્રવુત્તિ નેસ્ત નાબુદ કરવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન લો.પો.કો. કીશનભાઈ પાંડીયાભાઈ, બ. નં.૧૧૦૩ નાઓને મળેલ બાતમી આધારે પો.સ.ઈ. શ્રી કે.ડી.જાટ તથા સ્ટાફના માણસોએ ઝોકલા ગામની સીમમાં બાતમી આધારે રેડ કરી ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂ ની

પેઢી નગ- ૧૮ જેમાં ૭૫૦/- મી.લી.ની બોટલ નંગ-૨૧૬,-રૂ ૮૬૪૦૦/- નો મુદ્દામાલ શોધી કાઢવામાં આવેલ છે. અને આરોપી નસરૂદીનભાઈ મોતીભાઈ ગરાસીયા, રહે. 'ગોવાલી, દેસાઈ ફળીયું, તા.ઝઘડીયા, જી.ભરૂચને સ્થળ ઉપરથી પકડી પાડવામાં આવેલ છે તેમજ દારૂનો જથ્થો લાવનાર સુરેશભાઈ રામુભાઈ વસાવા તથા દારૂનો જથ્થો સાચવનાર તથા વેચનાર રાકેશભાઈ મહેન્દ્રભાઈ વસાવા અને નરેશભાઈ રતીલાલ વસાવા, ત્રણેય રહે. ઝોકલા ,તા.વાલીયા,જી.ભરૂચની શોધખોળ કરી અટક કરવા અંગેની તજવીજ ચાલુ છે.

અંકલેશ્વર પી.પી. સવાણી સ્કૂલમાં ભાષા સજ્જતા સેમિનાર યોજાયો

ગુજરાતી અને અંગ્રેજીના નિયમોની જાણકારી આપતા રાજેષ ધામિલીયા

અંકલેશ્વર

અંકલેશ્વરમાં આવેલી પી.પી.સવાણી સ્કૂલ- ધોરણ ૬ થી ૯ના વિદ્યાર્થીઓ માટે "ભાષા સજ્જતા" સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી રમેશભાઈ ગોસ્વામીએ માર્ગદર્શક શ્રી રાજેશભાઈ ધામેલિયાનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને જણાવ્યું હતું કે, આપણે અજાણતા અનેક શબ્દોની જોડણી ખોટી લખતા હોઈએ છીએ. આજે શ્રી રાજેશભાઈ ધામેલિયા પાસેથી જોડણી અંગે ઘણું શીખવા મળશે.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, " આપણે અંગ્રેજીની ખોટી જોડણી ચલાવી લેતા નથી. સાચો સ્પેલિંગ શીખવા માટે એક જ સ્પેલિંગ અનેકવાર લખીએ છીએ. અંગ્રેજી ભાષા શીખવા આપણે ઘણી કાળજી રાખીએ છીએ, તેના પ્રમાણમાં ગુજરાતી શીખવામાં થોડી પણ કાળજી રાખવામાં આવે તો આપણે ખૂબ શુદ્ધ લખાણ લખી માતૃભાષાનું ગૌરવ વધારી શકીએ અને પરીક્ષામાં વધુ સારા ગુણ પણ મેળવી શકીએ. આ સેમિનારમાં ગુજરાતી- અંગ્રેજીમાં સમાન રહેલા નિયમો વિશે જાણકારી આપવામાં આવી. અને ગુજરાતી જોડણીના એવા નિયમો શીખવવામાં આવ્યા કે જેથી હજારો શબ્દોની સાચી જોડણી લખી શકીએ. વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતી ભાષામાં સાચી જોડણી ખૂબ સહેલાઈથી કેવી રીતે યાદ રાખવી તે જાણવા મળ્યું છે. અમે જોડણીના નિયમો શીખીને-યાદ રાખીને હંમેશા સાચું લખવા પ્રયત્નો કરીશું.

બાકી વેરાદારોની ૬૮ મિલ્કતો સીલ

સુરત

સુરત મહાનગર પાલિકામાં આવેલ અઠવા ઝોન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮-૧૯ના મ્યુનિસિપલ મિલકતવેરાની ઘનિષઅઠ વસુલાત માટે પગલા લેવામાં આવેલ છે. અઠવા ઝોન સંલગ્ન વિસ્તારમાં તા.૧૯-૦૩-૨૦૧૯ના રોજ કુલ ૬૮૮૮ પ્રોપર્ટી તથા મિલકતો સિલ કરેલ છે, અને ૮,૫૪,૦૦૦ (અંકે રુપિયા આઠ લાખ ચોપન હજાર પુરા) જેટલી મિલકતવેરાની વસુલાત કરવામાં આવેલ છે.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.inમાં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફ્ત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847